dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 7 | Issue- 194 | AD - 2024, Chaitra sud - 10 | Thursday, Dt.18-04-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


# પાંચ મિનિટ સુધી સૂર્ય ભગવાને રામના કપાળ પર તિલક લગાવ્યું

(એ.આર.એલ),અયોધ્યા,તા.૧૭



રામલલાનો સૂર્ય અભિષેક બપોરે ૧૨.૦૧ કલાકે થયો હતો જેમાં સૂર્યના કિરણો રામલલાના ચહેરા પર પડ્યા હતા. રામના ચહેરા પર લગભગ ૭૫ એમએમનું તિલક કરવામાં આવ્યું હતું. ભક્તિ અને વિજ્ઞાનના અદ્‌ભુત સંગમને વિશ્વ ભક્તિથી જોતું રહ્યું. આ પણ ધર્મ અને વિજ્ઞાનનો ચમત્કારિક સમન્વય હતો. આ સૂર્ય તિલક માટે વૈજ્ઞાનિકોએ ઘણા મહિનાઓથી તૈયારી કરી હતી. આ માટે ઘણી ટ્રાયલ કરવામાં આવી હતી. આજે બપોરના સમયે ઘડિયાળના કાંટા ૧૨:૦૧ થયા કે તરત જ સૂર્યના કિરણો સીધા રામના ચહેરા પર પહોંચ્યા. ૧૨.૦૧ થી ૧૨.૦૬ સુધી સૂર્ય અભિષેક ચાલુ રહ્યો. આ પ્રક્રિયા પાંચ મિનિટ સુધી ચાલુ રહી હતી. આચાર્ય રાકેશ તિવારીએ જણાવ્યું કે વાલ્મીકિ રામાયણમાં લખેલું છે કે રામના જન્મ સમયે સૂર્ય અને શુક્ર તેમના ઉચ્ચ રાશિમાં હતા. ચંદ્ર તેની પોતાની રાશિમાં હાજર હતો. આ વર્ષે પણ એવું જ થઈ રહ્યું છે. આચાર્ય રાકેશના જણાવ્યા અનુસાર, આ શુભ યોગો અયોધ્યા સહિત સમગ્ર ભારતની પ્રગતિનો માર્ગ મોકળો કરશે.

રામલલાના સૂર્ય અભિષેક બાદ ભગવાનને અલૌકિક શણગાર કરવામાં આવ્યો હતો. આ જોઈને દરેક રામભક્ત ભાવુક થઈ ગયા. ચોપાઈ સાથે રામલલાના દિવ્ય અને ભવ્ય શણગારની તસવીરો શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ દ્વારા એકસ એકાઉન્ટ પર શેર કરવામાં આવી હતી. ચોપાઈનો અર્થ સમજાવતાં ટ્રસ્ટે લખ્યું છે કે 'તેમનું વાદળી કમળ અને કાળા પાણીથી ભરેલા વાદળ જેવું કાળું શરીર કરોડો કામદેવોની સુંદરતા ધરાવે છે. લાલ-લાલ કમળના પગના નખનો સફેદ પ્રકાશ એવો દેખાય છે જાણે લાલ કમળના પાંદડા પર મોતી વસી ગયા હોય. વજ, ધ્વજ અને અંકુશના ચિહ્નો ચરણોમાં શોભે છે. ઋષિમૂનિઓ પણ નૂપુરનો અવાજ સાંભળીને મોહિત થઈ જાય છે. કમર પર કમરબંધ અને પેટ પર ત્રણ રેખાઓ હોય છે. જેમણે જોયું છે તેઓ જ નાભિની ગંભીરતા જાણે છે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટે તેના એકસ એકાઉન્ટ પર આ ચોપાઈ સાથે રામલલાના અલૌકિક ચિત્રો શેર કર્યા છે. ચોપાઈનો અર્થ સમજાવતા ટ્રસ્ટે લખ્યું છે કે રાક્ષસો, સાપ, પક્ષીઓ, મનુષ્યો, ઋષિઓ અને દેવતાઓ બધા અયોધ્યા આવે છે અને રઘુનાથજીની સેવા કરે છે. વિદ્વાનો ભગવાનના જન્મનો ઉત્સવ ઉજવે છે અને શ્રી રામનો સુંદર મહિમા ગાય છે

વૈજ્ઞાનિકોએ છેલ્લા ૨૦ વર્ષમાં અયોધ્યાના આકાશમાં સૂર્યની ગતિનો અભ્યાસ કર્યો હતો. ચોક્કસ દિશા વગેરે નક્કી કર્યા બાદ મંદિરના ઉપરના માળે રિફ્લેક્ટર અને લેન્સ લગાવવામાં આવ્યા હતા. સૂર્યના કિરણો પરિવર્તિત થઈને રામલલાના કપાળ સુધી પહોંચ્યા. સૂર્યના કિરણો ઉપરના માળના લેન્સ પર પડ્યા. તે પછી, તે ત્રણ લેન્સમાંથી પસાર થઈને બીજા માળે અરીસા પર આવ્યા. અંતે, સૂર્યના કિરણો ૭૫ મીમીના બિંદુના રૂપમાં રામલલાના કપાળ પર ચમકતા રહ્યા અને આ લગભગ પાંચ મિનિટ સુધી ચાલુ રહ્યું હતું.


શ્રી વિવેકાનંદ સ્કૂલ-બાબરા
ઉમિયાનગર, ચિતલ રોડ, બાબરા. જિ. અમરેલી
9586102525 / 94274 55593 / 94288 92183
નવા સત્ર ૨૦૨૪-૨૫ માટે શિક્ષકો જોઈએ છે.
◆ પ્રી-પ્રાયમરી
PRE. PTC, PTC, B.Com, B.A., B.Sc. (શિક્ષીકા બહેનો)
◆ ધો. ૧ થી ૫
PTC, B.A. B.Ed., B.Com., B.Ed., B.Sc., B.Ed.
◆ ધો. ૬ થી ૮
B.A. B.Ed., B.Sc., B.Ed., B.Com., B.Ed.
◆ ધો. ૯, ૧૦
B.Sc/ M.Sc., B.Ed., B.A./ M.A. B.Ed., B.Com. B.Ed.
◆ ધો. ૧૧, ૧૨ (કોમર્સ)
M.Com., B.Ed., M.A., B.Ed.
◆ ડ્રોઈંગ, કોમ્પ્યુટર તથા સ્પોર્ટસના શિક્ષકો
◆ Office clerk
કમ્પ્યુટરના જાણકાર
ઉપરોકત લાયકાત ધરાવતા શિક્ષકોએ સંપૂર્ણ વિગત સાથેની અરજી તેમજ પાસપોર્ટ સાઈઝ ફોટા સાથે શાળાએ રૂબરૂ સંપર્ક કરવો.

સ્થાપના વર્ષ: ૧૯૫૯
અગ્રણી કેળવણીકારશ્રી વસંતભાઈ ગજેરાના નેતૃત્વ અને માર્ગદર્શનથી કાર્યરત બેસ્ટ સ્કૂલ એવોર્ડથી સન્માનિત
શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ
વિદ્યાસભા,લાઠી રોડ, અમરેલી,ગુજરાત, ૩૬૫૬૦૧
એડમિશન ઓપન ૨૦૨૪-૨૫
:- સ્કૂલ :-
બાલમંદિર થી ધોરણ : ૧૨
સાયન્સ, કોમર્સ, અને આર્ટ્સ માં
ગુજરાતી / અંગ્રેજી / મિશ્ર માધ્યમ
ગર્લ્સ અને બોયઝ
:- હોસ્ટેલ :-
ધોરણ: ૫ થી ૧૨
ગર્લ્સ અને બોયઝ માટે
અલગ-અલગ સંપૂર્ણ સુવિધાયુક્ત હોસ્ટેલ
એડમિશન હેલ્પલાઈન નં.
909 909 8220
૧૦૦ એકરમા પથરાયેલ વિશાળ ઈન્ફ્રાટ્રકચર અને અદ્યતન ટેકનોલોજી થી સૂસજ્જ કેમ્પસની સુવિધાઓ રૂબરૂ નિહાળવા આવકારીએ છીએ.
www.vidyasabha.com

એક એવી શાળા કે જ્યાં તમને ભણવાનું ગૌરવ થાય...
નિત્યમ વિદ્યા સંકુલ
Website : nityamvidyasankul.org, E-mail : nityamvidyasankul@gmail.com
હસમુખ પટેલ
ADMISSION OPEN
બાલમંદિર થી ધો. ૧૨
ગુજરાતી / અંગ્રેજી માધ્યમ
સાયન્સ - કોમર્સ - આર્ટ્સ
ગર્લ્સ - બોયઝ હોસ્ટેલ
હાફ ડે સ્કૂલ
ફુલ ડે સ્કૂલ
મિકસ મિડિયમ સ્કૂલ
જવાહર નવોદય પરીક્ષા સેન્ટર
વૈદિક પાઠશાળા
સ્પોર્ટ્સ સ્કૂલ
સ્કીલ સ્કુલ
ફિઝિકલ ટ્રેનીંગ એકેડેમી
સાયન્સ, કોમર્સ, આર્ટસ અને બીસીએ. કોલેજ સુચિત
લાઠી રોડ, સહજ સીટી, અમરેલી. મો. ૯૯૨૫૪ ૫૧૧૫૧

BHAGWATI ENERGY
પછી કે'તા નહી
અમે રહી ગયા...
PM સૂર્ય ઘર મફત વીજળી યોજના
સરકારની નવી યોજના મુજબ હવે સોલાર અપનાવવા પર મળશે.
વધુ સબસિડી!
₹78000 સુધી સબસીડી મળવા પાત્ર રહેશે.
SUNORA adani Solar RAYZON GREEN ENERGIES GOLDI SOLAR POLYCAB LARSEN & TOUBRO
8080801217 / 9909189182
12, Bhagwati Shopping Center, Ground floor, Bhavnagar Road, Babra. (365421), Dist-Amreli
G-214 The Palladium Mall, near dairy done yogi chowk, surat.

૭ મા વર્ષમાં મંગલ પ્રવેશ
અમારા આરાધ્ય દેવ શ્રી કૃષ્ણ ભગવાનની પરમ કૃપાથી તેમજ શુભચિંતકોના સહયોગ તેમજ આશીર્વાદથી છ વર્ષની વણથંભી સફર ખેડી સાતમા વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહયા છીએ.
શ્રી વૃંદાવન સ્ટોન ઈન્ડસ્ટ્રીઝ- ઉંટવડ
40 MM 20 MM 10 MM 6 MM
તથા પાવડર ઉત્પાદક
શ્રી પાર્થભાઈ પ્રભાતભાઈ કોઠીવાળ મો. ૯૩૭૫૫ ૫૫૫૫૪
શ્રી કરણભાઈ રમેશભાઈ મિયાત્રા મો. ૯૪૨૬૩ ૧૭૦૦૦
શ્રી વૃંદાવન સ્ટોન ઈન્ડસ્ટ્રીઝ- ઉંટવડ
તા.બાબરા, રાજકોટ ભાવનગર હાઈવે, ઉંટવડ કોટડાપીઠાની વચ્ચે

AIMS - એઈમ્સ HOSPITAL-AMRELI હોસ્પિટલ અમરેલી
કાર્ડિયાક વિભાગ
• 24 x 7 ફુલટાઈમ ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ ઉપલબ્ધ
• હૃદયનો 2D / 3D ઈકો વીથ કલર ડોપ્લરની સુવિધા
• ડોબ્યુટેમાઈન સ્ટ્રેશ ઈકોની સુવિધા
• ટી.એમ.ટી. તથા ૨૪ કલાક એમ્બ્યુલેટરી બી.પી. મોનીટરીંગની સુવિધા
• HOLTER (હોલ્ટર)ની સુવિધા ઉપલબ્ધ
• હૃદયરોગ (હાર્ટ એટેક) વખતે કરાવવી પડતી એન્જિયોગ્રાફી તથા એન્જિયોપ્લાસ્ટી (સ્પ્રિંગ / સ્ટેન્ટ મુકવું)
• પેસમેકર (હૃદયને ધબકતું રાખવાનું યંત્ર)ની સુવિધા ઉપલબ્ધ (ટેમ્પરરી તથા પરમેનન્ટ)
• હાર્ટ ફેલ્યોર, પલ્મોનરી એમ્બોલીઝમ વગેરે ગંભીર રોગોની સારવાર
આયુષ્યમાન ભારત કે મા કાર્ડ ધારક લાભાર્થીને તદ્દન ફ્રી એન્જિયોગ્રાફી તથા એન્જિયોપ્લાસ્ટીની સુવિધા ઉપલબ્ધ
ડૉ. અમિત શર્મા
MBBS, DNB (Int Medicine), CCEBDM, DNB (Cardiology)Interventional Cardiologist
સિનીયર ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ
૧૪ વર્ષનો બહોળો અનુભવ
02792222060
7610810827
એઈમ્સ હોસ્પિટલ, બસ સ્ટેશનની સામે, અમરેલી

શ્રી હનુમાનજી પ્રાગટ્ય ઉત્સવ પ્રસંગે
ખાસ ડિસ્કાઉન્ટ ઓફર
શ્રીરામ ભક્ત હનુમાનજીના પ્રાગટ્ય ઉત્સવ પ્રસંગે આપના શહેર, વિસ્તાર કે નજીકના મંદિરોમાં આયોજીત ભોજન પ્રસાદ પ્રસંગ માટે શીતલ આઈસ્ક્રીમ અમરેલી દ્વારા નીચે દર્શાવેલ પ્રોડક્ટસ પર ખાસ ડિસ્કાઉન્ટ ઓફર જાહેર કરી છે, તો આ ઓફર નો લાભ અવશ્ય લેશો.
• 6 Ltr. છાશ • દહીં • શિખંડ
• કેરીનો રસ • બાસુંદી • ફ્રુટ સલાડ
નોંધ : આ ઓફર માત્ર હનુમાનજીના જન્મોત્સવ પ્રસંગ માટે મર્યાદિત છે
Sheetal ICE CREAM
શીતલ પાર્લર - રેસ્ટોરેન્ટ
S.T. બસ સ્ટેન્ડ પાસે, અમરેલી. મો. 95109 59954

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
૬૬,૪૦૦/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૧૭/૦૪/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬.

POLO PLUS પોલો પ્લસ CONTAINERS
અમને ગૌરવ છે, કે અમે ગુજરાતી છીએ
અમે સસ્તી નહી
સૌથી શ્રેષ્ઠ પ્રોડકટ બનાવીએ છીએ....
100 - 150
200 - 300
લીટર માં ઉપલબ્ધ
૧૦૦% ફુડ ગ્રેડ મટીરીયલ્સ
500 થી 10000 લીટર ની વિશાળ રેન્જ માં ઉપલબ્ધ
9 YEAR WARRANTY
૧૪ વર્ષ ની ગેરંટી
વધુ વિગત માટે સંપર્ક કરો
મો.૯૯૦૯૬૦૯૬૯૬

અમરેલી
આપણું અમરેલી
ગુરુવાર, તા.૧૮-૦૪-૨૦૨૪

# અમરેલીમાં રામનવમી નિમિત્તે રાજકીય મહાનુભાવોની હાજરીમાં ભવ્ય શોભાયાત્રા નીકળી

અમરેલી,તા.૧૭

અમરેલીમાં રામનવમી નિમિત્તે વિવિધ હિન્દુ સંગઠનો દ્વારા ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યુ હતું. ડીજેના તાલે ભવ્ય શોભાયાત્રા સમગ્ર શહેરના મુખ્ય માર્ગો પર ફરી હતી અને જય શ્રી રામના નારાથી માર્ગો ગુંજી ઉઠ્યા હતા. શોભાયાત્રાના રૂટ પર ઠંડા પીણા અને નાસ્તાની વ્યવસ્થા વિવિધ સંગઠનો અને સ્વયંસેવકો દ્વારા કરવામાં આવી હતી. અમરેલી શહેરના નાગનાથ મંદિરેથી આકર્ષક ફલોટ સાથેની શોભાયાત્રા ડીજેના તાલ સાથે નીકળી હતી. શહેરના વિવિધ માર્ગો પર ભક્તજનો દ્વારા ભવ્ય સ્વાગત કરાયુ હતું. બપોરે રામજી મંદિરે શોભાયાત્રાની



પૂર્ણાહુતિ થયા બાદ મહાઆરતી યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં શહેરીજનો જોડાયા હતા. ઉપરાંત શહેરના વિવિધ



મંદિરમાં પણ મહાઆરતી અને પૂજા-અર્ચના કરવામાં આવી હતી. આ દરમિયાન ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, ઈફકો ચેરમેન દિલીપભાઈ સંઘાણી, અમર ડેરી ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, ખ.વે. સંઘના જેન્તીભાઈ પાનસુરીયા, વિ.હિ. પ. અમરેલીના પ્રમુખ ઈતેશભાઈ મહેતા, ભાવનાબેન ગોંડલીયા, હંસાબેન મકાણી, મનીષભાઈ સંઘાણી, રશ્મિનભાઈ ત્રિવેદી, વિજયભાઈ દેસાઈ, પ્રતાપસિંહ રાઠોડ, જતીનભાઈ શેઠ, પંકજભાઈ ત્રિવેદી, વિદુરભાઈ ડાબસરા, પંકજભાઈ મહેતા, મહાવીરભાઈ વીંછીયા સહિત બજરંગ દળના આગેવાનો, સંગઠનના હોદ્દેદારો, સામાજિક આગેવાનો, કાર્યકર્તાઓ તેમજ બહોળી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

## અમરેલીના બાબાપુરમાં ભગવાન રામની ભવ્ય શોભાયાત્રા નીકળી

અમરેલી,તા.૧૭



રામનવમીના અવસરે સમગ્ર દેશમાં હર્ષોલ્લાસથી ભગવાન રામના જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે અમરેલી તાલુકાનાં બાબાપુર ગામમાં ભગવાન રામની શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આ શોભાયાત્રામાં ભક્તજનો ભાવથી જોડાયા હતા. આ સાથે જ લોકોએ મહાઆરતીનો લાભ પણ લીધો હતો.

## બાબરા જીઆઈડીસીમાં મોટાપાયે બે નંબરી માલનું ખરીદ-વેચાણ, તપાસ કરવાની માંગ

બાબરા,તા.૧૭

બાબરા ભાવનગર રોડ પર આવેલ જીઆઈડીસી વિસ્તારમાં દરરોજ હજારો રૂપિયાનાં બે નંબરી બિલ વગરના માલની હેરાફેરી થાય છે. કારખાનાઓમાંથી રાત્રે ટ્રકો ખાલી કરવામાં આવે છે અને ભરેલા ટ્રકો પણ મોડી રાતે કારખાનામાંથી બહાર કાઢવામાં આવે છે. બિલ વગરના માલની હેરાફેરીથી જીએસટીની મોટાપાયે ચોરી થઈ રહી છે. આ વિસ્તારમાં કંપની દ્વારા પ્રદૂષણ ફેલાવવામાં આવી રહ્યું છે. આ મુદ્દે અગાઉ પણ અખબારી અહેવાલો આવ્યા હોવા છતાં પણ તંત્રના પેટનું પાણી નથી હલતું. જો જીએસટી વિભાગ દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવે તો હકીકત બહાર આવે તેમ લોકોમાં ચર્ચા થઈ રહી છે.

## શાકભાજી લેવાનું કહીને ઘરેથી નીકળેલો યુવક ગુમ

### ગુમ થયેલ યુવકના પરિવારમાં શોકનો માહોલ છવાયો

સાવરકુંડલા, તા.૧૭

સાવરકુંડલામાં રહેતો એક યુવક ઘરેથી શાકભાજી લેવા જવાનું કહીને નીકળ્યા બાદ લાપતા થયો હતો. બનાવ અંગે દિપકભાઈ પરમાણંદભાઈ મશરૂ (ઉ.વ.૫૨)એ જાહેર કર્યા મુજબ, તેનો ભાઈ પ્રકાશભાઈ પરમાણંદભાઈ મશરૂ (ઉ.વ.૪૪) ૧૦ દિવસ પહેલા સાંજે ઘરેથી બજારમાં શાકભાજી લેવા જવાનું કહીને ઘરેથી નીકળ્યા બાદ ગુમ થઈ ગયો હતો અને આજદિન સુધી પરત ફર્યો નથી.

સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ હમીરભાઈ હાજાભાઈ કામળીયા વધુ તપાસ કરી રહ્યા છે.

## મુંબઈના વસઈ ખાતે શીતલ પાર્લરનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું

અમરેલી,તા.૧૭



મુંબઈના વસઈ ખાતે શીતલ પાર્લરનું ૧૬ એપ્રિલના રોજ ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આસીફ ખાન, સર્ફરાઝ અરબ (પાર્લર ઓનર), ઓવેશ ખાન, સર્ફરાઝ ખાનનાં હસ્તે ઈસ્તીયા કોમ્પલેક્ષ, સાતીવલી નાકા, વસઈ, મુંબઈ ખાતે ઓપન થયેલ નવા પાર્લરના ઉદ્‌ઘાટનમાં હાજર રહ્યા હતા. આ શુભ પ્રસંગે અભિમન્યુ પથારે (એ.એસ.એમ. શીતલ આઈસ્ક્રીમ) તેમજ આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યાં હતાં.

### અમરેલી લોકસભા વિસ્તારના કોંગ્રેસ પક્ષનાં ઉમેદવાર જેની ઠુંમરનાં હસ્તે પૂજન અર્ચન, મહાઆરતી અને પ્રસાદ વિતરણ કરાયું

## અમરેલી શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા રામજી મંદિરે મહાઆરતી યોજાઈ

અમરેલી,તા.૧૭



અમરેલી શહેર કોંગ્રેસ પરિવાર દ્વારા રામનવમીનાં શુભ અવસરે સવારે ૮ વાગે શહેરનાં સુપ્રસિદ્ધ રામજી મંદિર ખાતે અમરેલી લોકસભા વિસ્તારનાં કોંગ્રેસ પક્ષના ઉમેદવાર જેનીબેન ઠુંમર તથા શહેરના કોંગ્રેસ અગ્રણીઓ તથા કાર્યકરો દ્વારા રામજી મંદિરમાં પૂજન અર્ચન કરી મહાઆરતી અને પ્રસાદ વિતરણ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત અમરેલી લોકસભાનાં ઉમેદવાર જેનીબેન ઠુંમર તથા કોંગ્રેસ કાર્યકરો દ્વારા ભગવાન શ્રીરામને અમરેલી, ગુજરાત અને સમગ્ર ભારત દેશના તમામ નાગરિકોનું કલ્યાણ થાય એવી પ્રાર્થના કરવામાં આવેલ હતી.

આ કાર્યક્રમમાં જિલ્લા કોંગ્રેસના પૂર્વ પ્રમુખ ડી.કે. રૈયાણી, શહેર કોંગ્રેસ સમિતિનાં પ્રમુખ એડવોકેટ સંદીપ પંડ્યા, પૂર્વ જી.પં. બાંધકામ સમિતિ ચેરમેન ટીકુભાઈ વરુ, જિલ્લા કોંગ્રેસ સમિતિનાં મહામંત્રી જનકભાઈ પંડ્યા, જગદીશભાઈ તળાવિયા, જિલ્લા સંગઠન મંત્રી જગદીશભાઈ પાનસુરીયા, શહેર કોંગ્રેસ ઉપપ્રમુખ મહેશ સોમૈયા, યુવક કોંગ્રેસ પ્રમુખ મોનિલભાઈ ગોંડલીયા, અમરેલી શહેર યુવક કોંગ્રેસ પ્રમુખ તેજસ મસરાણી, નરેશભાઈ અધ્યારૂ, નગરપાલિકા સદસ્ય પ્રકાશભાઈ લાખાણી, જે.પી.સોજીત્રા, સાગર જસાણી, નંદલાલભાઈ ભડકણ, વસંત કાબરિયા સહિત અમરેલી શહેરની ધર્મપ્રેમી જનતાએ દર્શનનો લાભ લીધો હતો.

## સાવરકુંડલાના સંઘેડીયા બજારમાં જાગૃત હનુમાનજી યુવક મંડળ દ્વારા રામનવમીની ભવ્ય ઉજવણી

સાવરકુંડલા,તા.૧૭



તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલામાં સંઘેડીયા બજારમાં આવેલ શ્રી જાગૃત હનુમાનજી યુવક મંડળ દ્વારા રામનવમીની ઉજવણી કરવામાં આવી હતી. આ પર્વ પર હનુમાનજી યુવક મંડળ દ્વારા બાળકોને બટુક ભોજન અને લંચબોક્સ આપી સેવાભાવિ ભક્તો દ્વારા અનેરૂ કાર્ય કરવામાં આવ્યુ હતું.

આ ઉપરાંત સાવરકુંડલા શહેરના ભાવિક ભક્તો અને સ્વયંસેવકો દ્વારા રામનવમીની ભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

## સાવરકુંડલા એસ.ટી.ડેપો ખાતે મેડિકલ ચેકઅપ કેમ્પ યોજાયો

સાવરકુંડલા, તા. ૧૭

સાવરકુંડલા એસ.ટી.ડેપોના કર્મચારીઓ માટે એસ.ટી.ડેપો ખાતે વિદ્યાગુરૂ ફાઉન્ડેશન સંચાલિત લલ્લુભાઈ શેઠ નિઃશુલ્ક આરોગ્ય મંદિર દ્વારા વિનામૂલ્યે મેડિકલ ચેકઅપ કેમ્પ યોજાયો હતો. જેમાં સાવરકુંડલા એસ.ટી.ડેપોના ડ્રાઈવર, કંડકટર, હેલ્પર, વોચમેન તેમજ એસ.ટી.ના તમામ કર્મચારી ભાઈઓ બહેનોનો સ્ટાફ અને સાવરકુંડલા એસ.ટી.ડેપો ખાતેથી અવરજવર કરતા



મુસાફરોનું નિઃશુલ્ક આરોગ્ય મંદિરના ડોકટરો દ્વારા બી.પી., ડાયાબિટીસ, આંખોના નંબર વગેરેની તપાસ કરવામાં આવી હતી. આ તકે સાવરકુંડલા એસ.ટી.ડેપો મેનેજર વિમલ નથવાણી, ટ્રાફિક ઈન્સ્પેક્ટર પુનિતભાઈ જોષી, વોચમેન પ્રકાશગીરી ગોસ્વામી, મુનાબાપુ વગેરે એસ.ટી.ના અધિકારી અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## ગરણી ખાતે ચૈત્રી નવરાત્રીના કાર્યક્રમમાં હાજરી આપતા ભરતભાઈ સુતરીયા

બાબરા,તા.૧૭

બાબરા તાલુકાના ગરણી ગામ ખાતે આઈ શ્રી વાલબાઈમાની જગ્યા શકિતધામ ખાતે ચૈત્રી નવરાત્રી નિમિત્તે સાત દિવસ રાસ ગરબાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સહભાગી થઈ, ભરતભાઈ સુતરીયાએ માતાજીના આશીર્વાદ



મેળવી ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે લાઠી બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા તથા જીતુભાઈ ડેર, તાલુકા ભાજપ પ્રમુખ અશોકભાઈ રાખોલિયા, હિતેશભાઈ કલકાણી, અશ્વિનભાઈ સાકરીયા, સંગઠનના હોદ્દેદારો, આગેવાનો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ તેમજ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતાં.









# જિલ્લામાં રામનવમીની રજાના પરિપત્રનો ખાનગી શાળાઓ દ્વારા ઉલાળીયો

## શિક્ષણ વિભાગ કડક હાથે કાર્યવાહી કરે તેવી વાલીઓમાંથી માંગ ઉઠી

અમરેલી,તા.૧૭

તાજેતરમાં રાજય સરકાર દ્વારા જાહેર રજાના દિવસે ખાનગી શાળાઓમાં રજા રાખવાનો પરિપત્ર કરવામાં આવ્યો હતો. અને તેનું ચુસ્તપણે પાલન થાય તે માટે જે તે જિલ્લાના શિક્ષણ વિભાગને જવાબદારી પણ સોંપવામાં આવી હતી. પરંતુ અમરેલી જિલ્લામાં રામનવમીના તહેવારની રજાના દિવસે અમુક ખાનગી શાળાઓએ સરકારના પરિપત્રનો ઉલાળીયો કરી શાળાઓ ચાલુ રાખી હતી. એક તરફ રાજય સરકાર સરકારી શાળાઓમાં બાળકો પ્રવેશ મેળવે તે માટે ઉત્સવો કરે છે અને તેનો જ વિભાગ રજાના દિવસે ખાનગી શાળાઓ શરૂ રખાવી ખાનગીકરણને પ્રોત્સાહન આપે છે. આ અંગે વાલીઓ સાથે વાતચીત કરતા જણાવ્યુ હતુ કે, રજાના દિવસોમાં સ્કૂલો શરૂ હોવાથી તેઓને પણ મુશ્કેલી પડે છે. કયાંક બહારગામ જવાનું હોય કે, પ્રસંગ હોય પણ સ્કૂલ શરૂ હોવાથી તેમાં જઈ શકાતુ નથી. ખાનગી શાળાઓમાં સારૂ શિક્ષણ અપાતુ હોવાની વાતો કરતી મોટી મોટી સંસ્થાઓને શા કારણે રજાના દિવસે પણ શિક્ષણ આપવુ પડે છે તે પણ એક પ્રશ્ન છે. આગામી દિવસોમાં જાહેર રજાઓના દિવસે ખાનગી સ્કૂલોમાં શિક્ષણ બંધ રહે તે માટે શિક્ષણ વિભાગ કડક હાથે કાર્યવાહી કરે તેવી વાલીઓમાંથી માંગ ઉઠી છે.

### શિક્ષણ વિભાગના અધિકારીઓ આરામ ફરમાવતા રહ્યા અને ખાનગી શાળાઓ ચાલુ રહી

રામનવમીના દિવસે અમુક ખાનગી શાળાઓ ચાલુ હોવાની જાણ મીડિયાને થતા આ બાબતે ડીઈઓ ગોહિલનો સંપર્ક કરવામાં આવ્યો હતો. તેમણે લૂલો બચાવ કરતા જણાવ્યુ હતું કે, અમારી પાસે બે ત્રણ તાલુકા દિઠ એક જ સ્ટાફ છે અને જો કોઈ વાલી ફરિયાદ કરે તો જ અમે કાર્યવાહી કરીએ છીએ. પરંતુ ઘણી શાળાઓમાં પોતાના બાળકો ભણતા હોવાથી વાલીઓ ફરિયાદ કરતા ડરે છે. જે કામ શિક્ષણ વિભાગનું છે તે કરવાને બદલે તેમણે આ જવાબદારી વાલીઓ પર ઢોળી દીધી હતી. શા માટે શિક્ષણ વિભાગ દ્વારા રજાના દિવસે ચાલુ રખાતી શાળાઓ સામે દાખલારૂપ કાર્યવાહી નથી કરાતી ???

### રવિવારે પણ કેટલીક ખાનગી સ્કૂલ શરૂ રખાય છે

સરકાર દ્વારા જાહેર રજાના દિવસે રજા રાખવાનું ફરજીયાત કરાયું છે જેના કારણે કેટલીક ખાનગી શાળાઓ રવિવારે પણ શરૂ હોય છે. ગત અઠવાડિયે રવિવારના દિવસે શહેરની મોટાભાગની ખાનગી શાળાઓ શરૂ હતી અને આગામી રવિવારે પણ ખાનગી શાળાઓ શરૂ હોવાનું જાણવા મળ્યુ છે. જાહેર રજાના દિવસે રજા રાખવી અને રવિવારે શિક્ષણ ચાલુ રાખવુ એ કયાં પ્રકારનું શિક્ષણ છે ? આ અંગે પણ શિક્ષણ વિભાગ દ્વારા કામગીરી કરવામાં આવે તેવી વાલીઓમાંથી માંગ ઉઠી છે. ઉપરાંત નામ ન આપવાની શરતે એક કર્મચારીએ જણાવ્યુ હતું કે, ખાનગી શાળામાં કામ કરતા સ્ટાફને પણ રજાના દિવસે ફરજીયાત બોલાવાય છે.

## ચૂંટણી પૂર્વે રસ્તો પૂર્ણ કરવા લોકોની માંગ

# બગસરાના ખીજડીયા ગામે રસ્તાનું કામ પૂર્ણ ન થતા લોકો પરેશાન



તસવીર : હાર્દિક બામટા

બગસરા,તા.૧૭

બગસરા તાલુકાનાં ખીજડીયા ગામે છેલ્લા એક વર્ષથી પણ વધારે સમયથી રસ્તાનું કામ ધીમી ગતિએ ચાલી રહ્યું છે. ચૂંટણી પૂર્વે આ કામ પૂર્ણ કરવા લોકોની માંગ ઉઠી છે. બગસરા તાલુકાના શીલાણા નજીક આવેલા ખીજડીયા ગામે છેલ્લા એક વર્ષથી પણ વધારે સમયથી રસ્તાનું કામ ગોકળ ગતિએ ચાલી રહ્યું છે. જેના લીધે ગ્રામજનોને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આ બાબતે ગામના ઉપસરપંચ ઉમેદભાઈ વાળાનાં જણાવ્યા અનુસાર કામના કોન્ટ્રાક્ટર દ્વારા છેલ્લા ઘણા સમયથી કામ અટકાવી દીધેલ હોવાથી પૂલ સહિતનાં કામ અધૂરા રહેલ છે. જેથી આ રસ્તે અવરજવર કરતા ગ્રામજનો ખૂબ જ હેરાનગતિ ભોગવી રહ્યા છે. થોડા સમયમાં ચોમાસુ શરૂ થશે તો વધુ છ મહિના કામ અટકી પડશે તેથી ચૂંટણી પૂર્વે આ કામ પૂર્ણ કરવા ગ્રામજનો દ્વારા માંગ કરવામાં આવી છે. આ બાબતે તંત્ર દ્વારા યોગ્ય પગલાં લેવામાં નહીં આવે તો આગામી દિવસોમાં આંદોલનની ચીમકી પણ ઉચ્ચારવામાં આવેલ છે.

## રહેણાંક વિસ્તારમાં માંસ-મટન વેચતા વેપારીઓ સામે લોકોમાં રોષ

# રાજુલા નગરપાલિકા દ્વારા માંસ-મટન વેચતા વેપારીઓની દુકાનો સીલ કરવામાં આવી

રાજુલા, તા.૧૭

રાજુલા શહેરના મધ્ય ભાગમાં જીવાબાપુ ચોક વિસ્તારમાં માંસ-મટન વેચાતું હોવાની ફરિયાદો આવતી હતી. એ અનુસંધાને રાજુલા નગરપાલિકા દ્વારા વેપારીઓને મૌખિક તેમજ લેખિત નોટિસ આપવામાં આવી હતી. પરંતુ વેપારીઓ દ્વારા પોતાનો ધંધો ચાલુ રાખવામાં આવતા રાજુલા નગરપાલિકાએ ચીફ ઓફિસર બોરડની સૂચનાથી પોલીસ બંદોબસ્ત સાથે જીવાબાપુ ચોકમાં ચાર દુકાનોને સીલ મારવામાં આવ્યા હતા. ચીફ ઓફિસરે જણાવ્યું કે જો હવે પછી કોઈપણ શહેરી વિસ્તારમાં આવી ઘટના બનશે તો કડક કાર્યવાહી કરવાની ફરજ પડશે. આજની આ કામગીરીમાં રાજુલા નગરપાલિકાના ચીફ ઓફિસર એચ.પી. બોરડ તેમજ દીપકભાઈ તલાટી, અજયભાઈ ગોહિલ, કમલેશભાઈ વ્યાસ, કમલેશભાઈ મહેતા, પ્રભાતભાઈ જોશી, ચંપુભાઈ બસિયા, યોગેશભાઈ ગોસ્વામી, જયભાઈ પરમાર, મહેશભાઈ ખુમાણ તેમજ નગરપાલિકા સ્ટાફ જોડાયો હતો.

# અમરેલી લોકસભાના ઉમેદવાર જેનીબેન ઠુંમર રામનવમીની શોભાયાત્રામાં જોડાયા



અમરેલી,તા.૧૭

અમરેલી સંસદીય મત વિસ્તાર અમરેલી જિલ્લો અને મહુવા-ગારીયાધાર વિસ્તારમાં કોંગ્રેસના મહિલા ઉમેદવાર જેનીબેન ઠુમ્મરે ભગવાન રામલલાના પ્રાગટય દિવસની હાર્દિક શુભેચ્છા આપી હતી. આ તકે તેમણે વહેલી સવારે અમરેલી રામજી મંદિર ખાતે દર્શન કરી અને જણાવ્યુ હતુ કે ભગવાન શ્રી રામ અને માતા સીતા પાસે જે ધૈર્ય હતુ. અને મજબુત મનોબળ હતુ તેની જરૂરીયાત આજના દરેક મનુષ્યને છે. બાદમાં જેનીબેન ઠુમ્મરે રામનવમીની ભવ્ય શોભાયાત્રાના દર્શનનો લાભ લીધો હતો.

## અમરેલીથી હિન્દસેનાના આગેવાનો ઉપસ્થિત રહ્યા

# રામનવમીની પૂર્વ સંધ્યાએ કબીર ટેકરી ખાતે રામલલાની લાઈવ ઝાંખીનું આયોજન કરાયું



તસવીર : સૌરભ દોશી

અમરેલી,તા.૧૭

શ્રીકૃષ્ણ જન્મોત્સવ સમિતિ દ્વારા કબીર ટેકરી આશ્રમનાં મહંત નારાયણદાસનાં આશીર્વાદથી રામનવમીની પૂર્વ સંધ્યાએ સૌરાષ્ટ્રમાં સૌપ્રથમવાર રામલલાની ભવ્ય લાઈવ ઝાંખી તેમજ મહાઆરતીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કબીર ટેકરીના મહંત નારાયણદાસ, કુંડલપુર હનુમાનજી મંદિરથી કરશન ગીરીબાપુ, ઘનશ્યામબાપુ વગેરે સાધુ સંતો ઉપસ્થિત રહ્યા હતા. તેમજ અમરેલીથી હિન્દ કેસરી સેનાના હસુભાઈ દુધાત એમની ટીમ સાથે ઉપસ્થિત રહ્યા હતા. આ દરમિયાન મહાઆરતીમાં ત્રણથી ચાર હજાર લોકોએ એક સાથે આરતી કરી સમગ્ર વાતાવરણને અયોધ્યામય બનાવ્યું હતું.

# અમરેલીમાં ગરમીનો પારો ૪૩ ડિગ્રીએ પહોંચ્યો

અમરેલી,તા.૧૭

રાજયમાં કાળઝાળ ગરમી અને હિટવેવ વચ્ચે અમરેલીમાં ગરમીનો પારો ૪૩ ડિગ્રી પર પહોંચ્યો છે. કાળઝાળ ગરમીથી લોકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા હતા. બપોરે જાણે કે, કર્ફ્યુ લાગ્યો હોય તેમ રસ્તાઓ સૂમસામ થયા હતા.

## અવસાન નોંધ

**બગસરા**

સ્વ.ચત્રભુજભાઈ ત્રિભુવનદાસ ભુપતાણી (ઉ.વ.૮૪) તા.૧૭/૪/૨૦૨૪ને બુધવારના રોજ કૈલાસ વાસી થયેલ છે. તે નિલેશભાઈ કિરીટભાઈ આશાબેન અમિતકુમાર સાંગાણી, પારૂલબેન યોગેશકુમાર ધાબલીયાના પિતાશ્રી થાય અને હેતના દાદા થાય છે. તેમની સાદડી તા.૧૮/૪/૨૦૨૪ને સાંજે ૪થી ૬ કલાકે જૈન ભોજન શાળા બગસરા ખાતે રાખેલ છે.

**બગસરા**

સ્વ.પંડિત કનૈયાલાલ દુર્ગાશંકર (ઉ.વ.૮૬) તા.૧૬ને મંગળવારના રોજ કૈલાસ વાસી થયેલ છે. તે જનાર્દનભાઈ(મેઘાણી હાઈસ્કૂલ), વિપુલભાઈ, પન્નાબેન જયપ્રકાશ મહેતા(ઉપલેટા), નારાયણીબેન અજીતકુમાર વ્યાસ (વેરાવળ)ના પિતાશ્રી તેમજ રાજેશ્વરીબેનના સસરા થાય છે. તેમનું બેસણુ તા.૧૮ને ગુરૂવારના રોજ બ્રહ્મસમાજ વાડી બગસરા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

સ્વ.લક્ષ્મીશંકર નાગરદાસ પંડયા તા.૧૫/૪/૨૦૨૪ને સોમવારના રોજ કૈલાસ વાસી થયેલ છે. તે જીતેન્દ્રભાઈ લક્ષ્મીશંકર પંડયા અને સતિષભાઈ લક્ષ્મીશંકર પંડયા તથા મહેન્દ્રભાઈ લક્ષ્મીશંકર પંડયાના પિતા છે. તેમનું સદગતનું બેસણુ તા.૧૯/૪/૨૦૨૪ને શુક્રવારના રોજ સવારે ૮:૦૦ થી સાંજના ૬:૦૦ કલાકે નિવાસ સ્થાને અંબા કૃપા વિદ્યુત નગર કાણકિયા કોલેજ પાછળ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

ફજલેહુસેન ફકરુદીનભાઈ હિરાણી(કાપડવાલા) ગાધડકા વાલા જેહરાબેનના પુત્ર, કનીજાબેનના શોહર, અલીઅસગરભાઈ અને તેહસીબેન(ભાવનગર)ના પિતા અને સિરાજભાઈ, ખોજેમાભાઈ, ફાતેમાબેન(મહુવા), દુરૈયાબેન (લખનૌ), મુનીરાબેન (બરવાળા), જુમાનાબેન (મુંબઈ)ના ભાઈ આજરોજ તા. ૧૬/૦૪/૨૦૨૪ને મંગળવારના રોજ વફાત થયેલ છે. તેમના જિયારતના સિપારા તા.૧૮/૦૪/૨૦૨૪ને ગુરૂવારના રોજ ૧૧:૦૦ વાગ્યે ઈઝઝી મસ્જિદમાં સાવરકુંડલા ખાતે રાખેલ છે.


KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.

નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૧૧૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨

શ્રી વલ્લભ એન્ટરપ્રાઈઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીનાં કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી















# અમરેલી એલસીબી ટીમે ૪ ઈસમોને પાસા હેઠળ જેલમાં ધકેલ્યા: અસામાજિક તત્વોમાં ફફડાટ

અમરેલી, તા.૧૭

લોકસભા ચૂંટણી શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તે માટે અમરેલી એસપીએ ચોરી, લૂંટ, પ્રોહિબીશનની પ્રવૃત્તિ કરતા ઈસમો સામે કડક કાર્યવાહી કરવા અને આવા ગુનેગારોને કાયદાનું ભાન થાય તેમજ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સુદ્રઢ બને તે માટે કાર્યવાહી કરવા સૂચના આપી છે. જે અંતર્ગત બાબરા પોલીસ સ્ટેશનના પીઆઈ એસ. સી.કુગસીયાએ બાબરા પો. સ્ટેશન તથા અન્ય વિસ્તારમાં મિલકત સંબંધી ગુના આચરતા પરશોતમભાઈ ઉર્ફે પસાભાઈ પુંજાભાઈ તળપદા (ઉ.વ.૪૯, રહે.નડીયાદ) સામે પુરાવા એકઠા કરી પાસા તૈયાર કરી વોરંટની બજવણી કરીને પોરબંદર સ્પેશિયલ જેલ ખાતે અટકાયતમાં રહેવા મોકલી આપ્યા હતા. તેની સામે બાબરા, ચુડા, ટંકારા અને સાયલા પોલીસ સ્ટેશનમાં ગુના નોંધાયેલા છે. બગસરા પોલીસ સ્ટેશનના પી.આઈ કે.બી.જાડેજાએ બગસરા વિસ્તારમાં ગુના આચરતાં જયદીપ ઉર્ફે ગુડીયો પ્રવિણભાઈ કામળીયા (ઉ.વ.૨૮, રહે.બગસરા) સામે પાસા દરખાસ્ત તૈયાર કરી વોરંટની બજવણી કરી પાલરા સ્પેશિયલ જેલ, કચ્છ-ભુજ ખાતે અટકાયતમાં રહેવા મોકલી આપ્યા હતા. આરોપી સામે બગસરા પોલીસ સ્ટેશનમાં ૫ કેસ નોંધાયા છે. અમરેલી એલસીબી ટીમના પીઆઈ એ.એમ.પટેલે અમરેલી જિલ્લા વિસ્તારમાં પ્રોહિ.ની પ્રવૃત્તિ કરતા સાગર ચતુરભાઈ સરૈયા (ઉ.વ.૨૭, રહે.ધજડી) વિરુદ્ધ પુરાવા એકઠા કરી વોરંટની બજવણી કરી મધ્યસ્થ જેલ, સુરત ખાતે અટકાયતમાં રહેવા મોકલી આપ્યા હતા. આરોપી સામે સાવરકુંડલા ટાઉન તથા ગીર ગઢડા પોલીસ સ્ટેશનમાં એક-એક અને સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનમાં બે ગુના નોંધાયેલા છે. અમરેલી એલસીબી ટીમના પીઆઈ એ.એમ.પટેલે પ્રોહિબીશનની પ્રવૃત્તિમાં સંડોવાયેલા શિલ્પેશ ઉર્ફે શિલ્પો બાબુભાઈ વાળા (ઉ.વ.૪૨) સામે પુરાવા એકઠા કરી વોરંટની બજવણી કરી જિલ્લા જેલ મહેસાણા ખાતે અટકાયતમાં રહેવા મોકલી આપ્યા હતા. આરોપી સામે સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં ત્રણ તથા સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનમાં એક ગુનો નોંધાયો છે.

# કોટડી ગામે પાર્ક કરેલી ફોરવ્હીલમાં આગ લાગી



રાજુલા, તા.૧૭

રાજુલા તાલુકાના કોટડી ગામે પોતાના રહેણાંકના મકાનમાં એક ફોરવ્હીલ ફ્રન્ટી કારમાં આગ લાગી હતી. આ અંગેની વિગત એવી છે કે કોટડી ગામના રહેવાસી મનુભાઈ ભગવાનભાઈ બલદાણીયાએ પોતાના મકાનમાં ફ્રન્ટી કાર પાર્ક કરી હતી.

જે અચાનક સળગી ઊઠતા આજુબાજુના લોકો એકત્રિત થઈગયા હતા અને પાણી લઈને આ આગને બુઝાવવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ આ આગ ખૂબ જ ભયાનક હોવાથી રાજુલા ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી. મહા મહેનતે આગને ગામલોકોએ કાબુમાં લીધી હતી. જોકે આગની ઘટના કેવી રીતે બની તે હજુ સુધી જાણવા મળ્યું નથી. જાણવા મળતી વિગત મુજબ ફાયર ફાઈટર રાજુલાથી કોટડી પહોંચે તે સમયમાં ગામ લોકોએ ભારે જહેમત ઉઠાવી આગને કાબુમાં લીધી હતી.

# ચલાલા ખાતે નાગરદાસ દોશી ટ્રસ્ટ દ્વારા વિનામૂલ્યે છાશ વિતરણ કેન્દ્ર ચાલુ કરાયા

ચલાલા, તા.૧૭



ચલાલા દાનેવ ધામમાં છેલ્લા પાંત્રીસ વર્ષથી ચલાલાના જુદા જુદા વિસ્તારોમાં ઉનાળાના ધોમધખતા તાપમાં જરૂરિયાતમંદ પરિવારોને પોતાના જ વિસ્તારમાંથી ઠંડી અને શુદ્ધ છાશ મળી રહે તે માટે નાગરદાસ દોશી ટ્રસ્ટ દાતાઓનાં સહયોગ દ્વારા ચલાલા શહેરનાં જુદા જુદા વિસ્તારો દ્વારા જુદા જુદા સ્થળોએ વિનામૂલ્યે છાશ વિતરણ કેન્દ્ર ચાલુ કરાયા છે. શહેરના ચાર કેન્દ્રો પરથી ૬૫૯ પરિવારો વિનામૂલ્યે છાશનો અમૂલ્ય લાભ લઈ રહ્યા છે.

# બગસરામાં રામનવમી નિમિત્તે ભવ્ય શોભા યાત્રાનું આયોજન

બગસરા, તા.૧૭



બગસરા શહેરમાં રામનવમી નિમિત્તે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. ડીજેના તાલે ઝુમતા જયશ્રી રામના નારા સાથે શોભાયાત્રામાં બગસરા શહેરના લોકો બહોળી સંખ્યામાં જોડાયા હતા. આ તકે બગસરા શહેર રામમય બની ગયું હોય તેવા દ્રશ્ય જોવા મળ્યા હતા. આ શોભાયાત્રામાં અલગ અલગ વેશભુષા ધારણ કરેલા બાળકો સાથેના ફલોટ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. માર્ગો પર પાણીની તથા શરબતની વ્યવસ્થા કરવામાં આવી હતી. અંતમાં સ્વામિનારાયણ મંદિર ખાતે ભવ્ય ધર્મસભા યોજવામાં આવી હતી અને આપાગીગા ગાદી મંદિર તરફથી તમામ લોકો માટે ફરાળની વ્યવસ્થા કરવામાં આવી હતી. ત્યારબાદ સુંદરકાંડ પાઠનું પણ આયોજન કરવામાં આવ્યું હતું

# જિલ્લામાં વિવિધ સ્થળેથી મળી ૨૫૦ લીટરથી વધુ પીવાનો દેશી દારૂ મળ્યો

અમરેલી, તા.૧૭

અમરેલી જિલ્લામાં પોલીસે ૨૪ સ્થળેથી મળી ૨૫૦ લીટરથી વધુ દેશી દારૂ ઝડપી પાડ્યો હતો, જેમાં આઠ મહિલાઓ પણ સામેલ હતી. ચલાલા પોસ્ટ ઓફિસ, પટવા ગેટ, ચમારડી, સાવરકુંડલામાંથી એક-એક મળી કુલ ચાર ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં જાહેરમાં ફરતા મળી આવ્યા હતા.

# જૂનાગઢ લોકસભાના ભાજપના ઉમેદવાર રાજેશ ચુડાસમાની રેલીમાં અમરેલીના ધારાસભ્ય કૌશિક વેકરિયાની હાજરી

અમરેલી, તા.૧૭



જૂનાગઢ લોકસભાના ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર રાજેશભાઈ ચુડાસમાની જૂનાગઢ ખાતે 'વિજય વિશ્વાસ સભા તથા રેલી' યોજાઈ હતી. જેમાં ગુજરાત વિધાનસભા નાયબ મુખ્ય દંડક અને અમરેલીના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ગુજરાત સરકાર મંત્રી મુળુભાઈ બેરા, ધારાસભ્ય સંજયભાઈ કોટડીયા, પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકી, જીલ્લા ભાજપ પ્રમુખ કિરીટભાઈ પટેલ, પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષ ડૉ.પ્રશાંતભાઈ કોરાટ તથા મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલામાં ગોપી મંડળ દ્વારા શ્રી યમુનાજી છઠ્ઠ મહા ઉત્સવ ઉજવાયો

સાવરકુંડલા. તા. ૧૭



સાવરકુંડલામાં વર્ષોથી ગોપી મંડળ દ્વારા શ્રી યમુનાજીનો છઠ્ઠ ઉત્સવ ઉજવવામાં આવે છે, એ જ પરંપરાગત રીતે ગતરોજ શ્રી લોહાણા મહાજન વાડી ખાતે ગોપી મંડળ દ્વારા શ્રી યમુનાજી છઠ્ઠ મહા ઉત્સવ ઉજવાયો હતો. જેમાં મોટી સંખ્યામાં વૈષ્ણવ બહેનો દ્વારા પોતાના ઘરેથી લોહાણા મહાજન વાડી ખાતે લોટીજી પધરાવીને શ્રી યમુનાજીના પાઠ સત્સંગ ધોળ પદ અને ભગવત નામનો અલૌકિક લાભ મેળવીને દરેક વૈષ્ણવોએ પ્રસાદનો લ્હાવો લીધો હતો.

# સા.કુંડલામાં પતિ પત્ની દ્વારા દેહદાનનો નિર્ણય

## વિપ્ર દંપતીએ આ નિર્ણય લઈ સમાજને નવો રાહ ચિંધ્યો

સાવરકુંડલા,તા.૧૭

સાવરકુંડલા ખાતે અનેક સેવાકીય સંસ્થા સાથે જોડાયેલા સાવરકુંડલા શહેરના વિપ્ર દંપતી ભરતભાઈ નાનાલાલ જોષી અને તેમના ધર્મપત્ની ગીતાબેન ભરતભાઈ જોષી બંને જીવતે જીવ તો સમાજસેવા કરે છે પરંતુ પોતાના મૃત્યુ બાદ પણ પોતાના આ દેહ લોકોપયોગી કાર્યમાં મદદરૂપ થાય તેવા આશય સાથે બંનેએ દેહદાનનો નિર્ણય કર્યો છે. પોતાના દેહદાન માટેની તમામ દસ્તાવેજી પ્રક્રિયા પૂર્ણ કરીને સમાજને એક નવો રાહ ચિંધ્યો છે. તેમણે ઉદાહરણ પૂરૂ પાડયુ છે કે, વ્યક્તિ ધારે તો પોતાના મૃત્યુ બાદ પણ સમાજને ઉપયોગી સાબિત થઈ શકે છે. સાવરકુંડલા શહેરમાં જોષી દંપતીના આ નિર્ણયની ભારે પ્રશંસા થઈ રહી છે. સાવરકુંડલા રેડક્રોસ સોસાયટીના સેક્રેટરી મેહુલભાઈ વ્યાસ તથા ચેરમેન ડો. વડેરાએ તેમના આ પરોપકારી નિર્ણયને વધાવ્યો હતો.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિ: દશમ
તા. ૧૮-૦૪-૨૦૨૪, ગુરૂવાર, સૂર્યોદય-૦૫:૫૨,
સૂર્યાસ્ત-૦૬:૪૮, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: આશ્લેષા

## દૈનિક રાશિફળ

તા.૧૮-૦૪-૨૦૨૪ ગુરૂવાર

મેષ: લોકોનું વૈવાહિક જીવન આનંદમય વિતશે. સંજોગોવશાત નાની-મોટી મુસાફરી કરવી પડી શકે છે. બિઝનેસમાં પ્રગતિથી ખુશી મળશે.

વૃષભ: આજનો દિવસ પરોપકારમાં પસાર થશે. તમે તમારા મિલનસાર વ્યવહારથી વાતાવરણને સામાન્ય બનાવવામાં સફળ રહેશો.

મિથુન: આજે જીવનસાથીને આકસ્મિક શારીરિક પીડા થઈ શકે છે. જેના કારણે સ્વાસ્થ્ય સંબંધી તમારા ખર્ચામાં વધારો થઈ શકે છે.

કર્ક: આજે પરિવારના સભ્યો સાથે તમે સારો અને મનોરંજક સમય પસાર કરી શકશો. નસીબનો આજે સંપૂર્ણ સાથ મળશે.

સિંહ: માનસિક પરેશાનીઓથી આજે તમે થોડી રાહત અનુભવી શકશો. વડીલો અને અધિકારીઓની કૃપાથી તમારી કોઈ ઈચ્છા આજે પૂરી થઈ શકે છે.

કન્યા: આર્થિક સ્થિતિમાં સુધારો આવી શકે છે. વ્યવસાયમાં પરિવર્તનની યોજના બનાવી રહ્યા હોવ તો આ મામલે આજે આગળ વધવાનો દિવસ છે.

તુલા: આકસ્મિક રીતે મોટી સંખ્યામાં ધનની પ્રાપ્તિ થઈ શકે છે. સમજદારીથી સાથે કરવામાં આવેલું રોકાણ આજે સારો ફાયદો કરાવશે.

વૃશ્ચિક: આશા કરતા પણ વધારે સફળતા મળશે. સંતાનો પ્રત્યેની તમારી ફરજ નિભાવી શકશો. પ્રતિસ્પર્ધાના ક્ષેત્રમાં પણ તમે આગળ વધશો.

ધન: આજે ઘર ઉપયોગી ચીજવસ્તુઓ પર ધનનો ખર્ચ થવાનો યોગ છે. સાંસારિક સુખ ભોગના સાધનોમાં વધારો થશે.

મકર: આજનો સમય વેડફશો નહીં. સ્વજનો પાસેથી સુખ મળશે, પરિવારમાં કોઈ શુભ કામ થવાથી મનમાં આનંદ અને ઉત્સાહ જોવા મળશે.

કુંભ: આજે તમે મજબૂત બની શકો છે. વ્યવસાયમાં સારો એવો ફાયદો થશે. સન્માન, યશ, કિર્તીમાં પણ વધારો થવાનો યોગ દેખાઈ રહ્યો છે.

મીન: આજે શિક્ષણ અને પ્રતિયોગિતાના ક્ષેત્રમાં મીન રાશિના જાતકો સારી સફળતા મેળવી શકશે. આવકના નવા સ્ત્રોત ઊભા થશે.

# સાવરકુંડલામાં રમઝાન ઈદ પર મેમણ ડે મનાવવામાં આવ્યો

સાવરકુંડલા,તા.૧૭



સાવરકુંડલા મેમણ જમાત તથા AIMJF યુથ વિંગ દ્વારા આ વર્ષે રમઝાન ઈદ પર મેમણ ડે મનાવવામાં આવ્યો હતો. જેમાં સાવરકુંડલા મેમણ જમાત અને યુથ વિંગ દ્વારા સાવરકુંડલા કે.કે.મહેતા સિવિલ હોસ્પિટલ તથા લલ્લુભાઈ શેઠ જનરલ હોસ્પિટલ ખાતે ફ્રૂટ વિતરણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ તકે સાવરકુંડલા મેમણ જમાતનાં પ્રમુખ આસિફભાઈ હિંગોરા, યુથ વિંગ ઈન્ચાર્જ ઈમરાનભાઈ (ઝમઝમ), વસીમભાઈ ધાનાણી, હાજી સાજીદભાઈ પરીયાણી, સમીરભાઈ શેખાણી, સરફરાઝભાઈ કાલાવડીયા, અસ્લમભાઈ શેખાણી, ઈમરાનભાઈ હિંગોરા, રીઝવાનભાઈ શેખાણી, જુબેરભાઈ મામદાણી ઉપસ્થિત રહ્યા હતા.

# જાફરાબાદના દરિયામાં ટોકન લીધા વગર માછીમારી કરતાં લોકો સામે કાર્યવાહી

જાફરાબાદ, તા.૧૭

જાફરાબાદ જેટીથી ચારથી છ નોટીકલ માઈલ દૂર દરિયામાં ટોકન વગર માછીમારી કરતાં બે બોટના ઈસમો સામે કાર્યવાહી કરવામાં આવી હતી. ભદ્રકાલી બોટના રમેશભાઈ દેવશીભાઈ શિયાળ ઉ.વ.૪૦ ધંધો- ડોઢીયો (બોટ ડ્રાઈવર), મગનભાઈ દેવશીભાઈ શિયાળ, ઈશ્વરભાઈ છગનભાઈ બારૈયા, કાનજી મગનભાઈ શિયાળ તથા બોટ માલિક શેઠ અબુભાઈ મુસાભાઈ મનસુરી સામે તથા જય સીતારામ બોટના કૈલાશ કિશોરભાઈ સોલંકી ઉર્ફે મઢાભાઈ વાળા સુકરભાઈ ઉકાભાઈ સોલંકી ઉર્ફે ભાવનગર વાળા, કવાભાઈ બાવાભાઈ સોલંકી ઉર્ફે બોબાવાળા તથા બોટ માલિક શેઠ મહેશ રામજી બાંભણીયા સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

# વીંછીયાના ટ્રેક્ટર ચાલકે અચાનક ટ્રેક્ટર વાળતાં બાઈક સાથે અકસ્માત સર્જાયો

## ખંભાળા ગામના બાપ-દીકરાને ઈજા પહોંચી

બાબરા, તા.૧૭

ખંભાળા ગામથી બાબરા તરફ જતાં રોડે વીંછીયાના ટ્રેક્ટર ચાલકે પૂરઝડપે વાહન ચલાવી સિગ્નલ આપ્યા વગર અચાનક વાળી લેતાં અકસ્માત સર્જાયો હતો. જેમાં ટુ વ્હીલ લઈને જતા બાપ-દીકરો ઈજાગ્રસ્ત થયા હતા. બનાવ સંદર્ભે ભાવેશભાઈ રમેશભાઈ કાગડ (ઉ.વ.૨૨)એ વીંછીયાના ભોજાભાઈ સુરાભાઈ આલ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ તેનું ટ્રેક્ટર પૂરઝડપે ચલાવી સિગ્નલ આપ્યા વગર અચાનક જમણી બાજુ વાળી લેતા મોટર સાયકલ સાથે અથડાયું હતું. જેમાં મોટર સાયકલ લઈને જતાં વિજયભાઈ તથા તેના દીકરાને ઈજા પહોંચી હતી. અકસ્માત બાદ ચાલક તેનું નામ આપીને જતો રહ્યો હતો. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આર.બી.પાનસુરિયા વધુ તપાસ કરી રહ્યા છે.

# રામપરા-૨ ગામે ડમ્પર વીજપોલ સાથે અથડાયું

રાજુલા, તા.૧૭

રાજુલાના રામપરા-૨ ગામે ડમ્પર વીજપોલ સાથે અથડાયું હતું. જેને લઈ રાજુલામાં રહેતા રામભાઈ અરજણભાઈ બળાઈએ ડમ્પર નંબર જીજે-૧૨-બીએક્સ-૧૭૫૪ના ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપીએ પોતાના હવાલાનો ટ્રક પુરઝડપે ચલાવી વીજ ટ્રાન્સફોર્મર સાથે ભટકાવ્યો હતો. જેને લઈ વીજપોલ તૂટી ગયો હતો અને કુલ ૩૫,૭૭૯ રૂપિયાનું નુકસાન થયું હતું. અકસ્માત બાદ ચાલક ટ્રક મૂકી નાસી ગયો હતો.

# રોહીસા ગામે અમારા રસ્તામાં કાંટા કેમ નાંખો છો કહી પ્રૌઢને ધમકી આપી

## પ્રૌઢના પત્ની, પુત્રવધૂને પણ ઈજા કરી

જાફરાબાદ, તા.૧૭

જાફરાબાદના રોહીસા ગામે પ્લોટની સાફ-સફાઈ દરમિયાન પ્રૌઢને તેમના જ કુટુંબીજનોએ અમારા રસ્તામાં કાંટા કેમ નાંખો છો કહી ધમકી આપી હતી. ઉપરાંત તેના પત્ની અને પુત્રવધૂને પણ ઈજા પહોંચાડવામાં આવી હતી. બનાવ અંગે મેઘાભાઈ શરમણભાઈ વાઘેલા (ઉ.વ.૬૦)એ મનુભાઈ ગભરૂભાઈ વાઘેલા, ગભરૂભાઈ ભગવાનભાઈ વાઘેલા તથા નાનુભાઈ મોહનભાઈ વાઘેલા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, ફરિયાદી પોતાના પ્લોટમાં પત્ની તથા તેના પુત્રવધૂ સાથે પ્લોટની સાફ-સફાઈ કરતા હતા તે દરમિયાન આરોપીએ આવીને અમારા રસ્તામાં કાંટા કેમ નાખો છો તેમ કહી જેમ ફાવે તેમ ગાળો આપીને લાકડી મારી ઈજા કરી હતી. આ સમયે તેમના પત્ની વચ્ચે પડતા તેને ધક્કો મારી પછાડી દીધા હતા. ઉપરાંત તેમને તથા સાહેદને નાની મોટી ઈજા કરી જેમ ફાવે તેમ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આર.વી.રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

**તંત્રી લેખ**

# ભારતમાં ૭૦ ટકા મજૂરો મજબૂર!

ભારતનું અર્થતંત્ર ઝડપથી પ્રગતિ કરી રહ્યું છે. મેક ઈન ઈન્ડિયાના કોન્સેપ્ટ દ્વારા ભારતમાં ઔદ્યોગિક ઉત્પાદન વધી રહ્યું છે પરંતુ નાના અને મધ્યમ કક્ષાના ઉદ્યોગોમાં કામ કરતાં કામદારોની સ્થિતિમાં ઝાઝો સુધારો થતો નથી. આ દેશમાં ૭૦% મજૂરો એવી રીતે કામ કરે છે કે જેને મજૂરોના લાભદાયક કાયદાઓ લાગુ પાડવામાં આવતા નથી તેને ઓછું વેતન મળે છે. આ મજૂરો મજબૂર છે, કોઈ અવાજ ઉઠાવી શકે તેમ નથી. અવાજ ઉઠાવે તેને કાઢી મૂકવામાં આવે. કામદારોની વિશાળ બહુમતીને મજૂર કાયદાઓનો કોઈ ખાસ લાભ મળતો નથી તેથી મજૂર કાયદાનો અમલ મુલતવી રાખતા ત્રણ રાજ્યોના વટહુકમ સામે કામદાર સંઘનો પ્રબળ વિરોધ થયો નહીં. લોકડાઉન વખતે સ્થળાંતરિત મજૂરોનો પ્રશ્ન ઊભો થયો ત્યારે કેટલાક તજજ્ઞોને યાદ આવ્યું હતું કે દેશમાં સ્થળાંતરિત કામદારોને સ્પર્શતો એક કાયદો પણ છે. વધારે અગત્યની હકીકત એ છે કે દેશમાં વેતન મેળવતા કામદારોમાં ૭૦ ટકા કાનૂની કરાર વગર જ નોકરી કરી રહ્યા છે. મતલબ કે તેઓ મજૂર કાયદાઓનો લાભ લઈ શકે તેમ નથી. તેમના માટે મજૂર કાયદાઓ પોથીમાંના રીંગણા છે. કામદારોની વિશાળ બહુમતીને મજૂર કાયદાઓનો કોઈ લાભ મળતો જ નથી. તેથી મજૂર કાયદાનો અમલ મુલતવી રાખતાં ત્રણ રાજ્યોના વટહુકમો સામે કામદાર સંઘોનો પ્રબળ વિરોધ થયો નહિ. માલિકો કામદારોને એમની મરજી પ્રમાણે છૂટા કરી શકતા નથી તે મજૂર કાયદાની એક જોગવાઈ બજારવાદી અર્થશાસ્ત્રીઓને વાંધાજનક લાગી છે. આ જોગવાઈ મજૂર સંખ્યાની દૃષ્ટિએ મોટા એકમોને લાગુ પડતી હોઈ દેશમાં ઉદ્યોગપતિઓ મોટા ઔદ્યોગિક એકમો સ્થાપવાથી દૂર રહે છે, એવી તેમની દલીલ છે. તેથી દેશના ઔદ્યોગિક માળખામાં નાના ઔદ્યોગિક એકમોનું પ્રાચુર્ય છે. ભારત દુનિયાના નિકાસબજારનો લાભ થઈ શકતું નથી, તેના મૂળમાં ભારતનું આ ઔદ્યોગિક માળખું છે. નાના પાયા પર ઉત્પાદન કરતા એકમોની કાર્યક્ષમતા, મોટા પાયા પર ઉત્પાદન કરતા એકમોની તુલનામાં ઓછી હોવાથી તેઓ આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ટકી શકતા નથી. ભારતે જો વિવિધ ઔદ્યોગિક ચીજોના વિશ્વબજારનો લાભ લઈને ઝડપી ઔદ્યોગિક વિકાસ કરવો હોય તો તેણે મોટા ઔદ્યોગિક એકમોને ઉત્તેજન આપવું જોઈએ. એ દૃષ્ટિએ મજૂર કાયદાની જે જોગવાઈઓ મોટા એકમો માટે પ્રતિકૂળ હોય તે દૂર કરવી જોઈએ. ભારતમાં મોટા ઔદ્યોગિક એકમોના વિસ્તરણ સામેનો મુખ્ય અવરોધ મજૂર કાયદાઓમાં રહેલો છે. આ દલીલને તપાસવાની જરૂર છે. ભારતમાં નાના પાયાના ઉત્પાદન એકમોનું પ્રાચુર્ય દેશમાં નિયોજન-પ્રતિભા (ટેલેન્ટ)ની લાક્ષણિકતાનું દ્યોતક છે કે કેમ તે તપાસવાની જરૂર છે. આમાં આપણી સાંસ્કૃતિક પરંપરા કેટલે અંશે જવાબદાર છે તે પણ તપાસવાની જરૂર છે. આપણે ઈનોવેટિવ નિયોજકો અપવાદરૂપે મેળવી શક્યા છીએ. ચીનના નિયોજકો ભારતમાં પતંગ માટેની દોરી અને ગણપતિની મૂર્તિઓ માટેનું બજાર શોધી શકે, એવી શોધક પ્રતિભા આપણે પેદા કરી શક્યા નથી. આપણે ચીનની તુલનામાં બજારના માધ્યમનો ઉપયોગ કરીને ઘણું ઓછું હાંસલ કરી શક્યા છીએ તે અંગે ઉદ્યોગ સાહસિકોએ તથા વ્યાપાર ઉદ્યોગની સંસ્થાઓએ વિચારવું જરૂરી છે. મજૂર કાયદાઓ સુધારવા જરૂરી છે, એવી હિમાયત બજારવાદી અર્થશાસ્ત્રીઓ કરતા આવ્યા છે.

# ઈરાન ઈઝરાઈલ સંઘર્ષ ભયાનક યુદ્ધનું સ્વરૂપ લઈ શકે છે





**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

ઈઝરાઈલ અને ઈરાન ગત સપ્તાહે સામસામા આવી ગયા બંને વચ્ચે લાંબા સમયથી દુશ્મની જ છે તેઓ એકબીજાનો ખાતમો બોલાવી દેવા માટેના નિવેદનો અવારનવાર કરે છે પરંતુ તેનો અમલ કરતા નથી પણ ગત સપ્તાહે બનેલી ઘટના વધુ ગંભીર હતી જેમાં ઈઝરાયલે અનેક મિસાઈલોનો ઈરાન પર હુમલો કરતા પરિસ્થિતિ વણસી છે. બે અઠવાડિયા પહેલા ઈઝરાયલે સીરિયાના દમાસ્કસમાં ઈરાનના કોન્સ્યુલેટ પર હુમલો કર્યો હતો. પછી ઈરાને વળતો પ્રહાર કર્યો છે. ઈઝરાયલ પર લગભગ ૩૦૦ મિસાઈલ અને ડ્રોન છોડવામાં આવ્યા હતા. ઈઝરાયલને થયેલું નુકસાન ઓછું હતું, પરંતુ સંદેશ સ્પષ્ટ હતો - ઈરાન આવી ક્રિયાઓને શાંતિથી સહન કરશે નહીં. પરંતુ આ ખરેખર અભૂતપૂર્વ ઘટના હતી. ઈરાને ભૂતકાળમાં ક્યારેય ઈઝરાયલની સીમા પર સીધો હુમલો કર્યો નથી. આવી સ્થિતિમાં સવાલ એ છે કે, આગળ શું થશે? આ ઘટના સામાન્ય ગણી શકાય નહીં કારણકે આ એક ચિનગારી ભયાનક યુદ્ધનું પણ રૂપ લઈ શકે છે. આ બંને દેશો સાથે ભારતને મૈત્રીપૂર્ણ સંબંધો છે અને બંને દેશો સાથે ભારતના આર્થિક અને વ્યાપારી હિતો સંકળાયેલા હોવાથી ભારત માટે આ સમસ્યા માથાના દુઃખાવારૂપ બની શકે તેમ છે કારણ કે આમાં મુશ્કેલ બાબત છે કે બેમાંથી કોઈ એકનો પક્ષ લેવામાં આવે તો ભારતને નુકસાન થઈ શકે તેમ છે કારણ કે તે દેશો સાથે ભારતના આર્થિક હિત સંકળાયેલા છે. ભારત માત્ર એવી આશા રાખી શકે કે બંને દેશોએ શાંતિપૂર્વક નિર્ણય લેવા જોઈએ તેનું કારણ એ છે કે, આ વખતે ભારત માટે ધર્મસંકટ જેવી સ્થિતિ સર્જાણી છે. ઈઝરાયલ અને ઈરાન બંને તેના મહત્ત્વના સાથી છે. ભારત બંને દેશોમાં આર્થિક અને રાજકીય રોકાણ ધરાવે છે. તેથી, કોઈપણ એક પક્ષને પસંદ કરવો લગભગ અશક્ય છે અને તે નવી દિલ્હીથી જારી કરાયેલા નિવેદનોમાં પણ પ્રતિબિંબિત થાય છે. કોઈ આક્ષેપો નથી, કોઈ ટીકા નથી અને કોઈ પક્ષપાત નથી. ભારત બંને દેશોને તણાવ ઓછો કરવા કહી રહ્યું છે. કારણ કે જો આ સંઘર્ષ વધશે તો ભારતે કેટલાક મુશ્કેલ વિકલ્પોનો સામનો કરવો પડશે. ભારત માટે પ્રથમ પરિબળ વેપાર હશે. ભારત-ઈઝરાયલ વેપાર લગભગ ૭.૫ અબજ ડોલરનો છે. જ્યારે ઈરાન સાથે ભારતનો વેપાર લગભગ ૨.૫ અબજ ડોલર છે. પરંતુ એક મહત્ત્વપૂર્ણ તફાવત છે. પશ્ચિમી દેશોએ ઈરાન પર પ્રતિબંધો લગાવ્યા છે, તેથી ભારત તેની પાસેથી બહુ ઓછું તેલ ખરીદે છે. પ્રતિબંધો પહેલા, ભારત-ઈરાનનો વેપાર ૨૦૧૫માં લગભગ $૧૩ બિલિયન હતો. તેહરાન લાંબા સમય સુધી આપણું મુખ્ય ઊર્જા સપ્લાયર હતું. જ્યારે ભારત ઈઝરાયલ પાસેથી લશ્કરી સાધનો ખરીદે છે. હકીકતમાં, આજે ભારત ઈઝરાયલનું ટોચનું સંરક્ષણ ગ્રાહક છે. બીજું પરિબળ રાજકીય છે. વડાપ્રધાન મોદીએ ઈઝરાયલ સાથેના સંબંધોમાં ઘણું રોકાણ કર્યું છે. ૨૦૧૭માં તેલ અવીવની તેમની મુલાકાત દરમિયાન, તેમણે ઈઝરાયેલ અને પેલેસ્ટાઈનને કહ્યું હતું કે, ઈઝરાયલ સાથે ભારતના સ્વતંત્ર સંબંધો રહેશે અને ઈઝરાયલ-પેલેસ્ટાઈન સંઘર્ષ તેને અસર કરશે નહીં. ત્યારથી, ઈઝરાયલ ભારતનું મુખ્ય સહયોગી રહ્યું છે. તે જ સમયે, ભારત પણ પેલેસ્ટિનિયનોના અધિકારોનું સમર્થન કરવાનું ચાલુ રાખે છે. ઈરાન સાથે મામલો થોડો અલગ છે. ભારત-ઈરાન વચ્ચે ગાઢ સાંસ્કૃતિક અને ભાષાકીય સંબંધો, લાંબા ગાળાના રાજકીય આદાન-પ્રદાન અને ઘણો સહિયારો ઈતિહાસ છે. તેહરાન તરફથી સમયાંતરે આપણને કેટલાક અસહજ કરતા નિવેદનો પણ મળ્યા છે, ખાસ કરીને કાશ્મીર પર, પરંતુ તેની સાથેના આપણા સંબંધો મોટાભાગે સ્થિર રહ્યા છે. ત્રીજું પરિબળ વ્યૂહાત્મક સંબંધો છે ભારત ઈઝરાયલને યુરોપના પ્રવેશદ્વાર તરીકે જુએ છે. ગયા વર્ષે, G૨૦માં ભારતે ઈઝરાયેલ દ્વારા યુરોપને જોડવા માટે એક નવા આર્થિક કોરિડોરની જાહેરાત કરી હતી. બંને દેશો આઈ૨યુ૨ નામના રાજકીય જૂથનો પણ ભાગ છે, જેના અન્ય સભ્યો યુએસ અને યુએઈ છે. તે પશ્ચિમ એશિયન ક્વાડ જેવું છે. અફઘાનિસ્તાનમાં ઈરાન સાથે ભારતના સમાન હિતો છે.

બંને દેશો અફઘાન લઘુમતીઓના અધિકારોનું સમર્થન કરે છે અને બંને અફઘાનિસ્તાનમાં ચાલી રહેલા આતંકવાદી કેમ્પના વિરોધમાં છે. ભારત ઈરાનને મધ્ય એશિયાના પ્રવેશદ્વાર તરીકે જુએ છે. આપણે દક્ષિણ-પૂર્વ ઈરાનના ચાબહાર બંદર પર ટ્રેડિંગ ટર્મિનલ પણ બનાવી રહ્યા છીએ. વિદેશી પોર્ટમાં આ ભારતનું પ્રથમ રોકાણ છે અને તેની કિંમત આશરે $૮૫ મિલિયન છે. તેનો ઉદ્દેશ્ય પાકિસ્તાનને બાયપાસ કરીને અફઘાનિસ્તાન અને મધ્ય એશિયા સુધી પહોંચવા માટે ચાબહારનો ઉપયોગ કરવાનો છે. આ કારણે ભારત માટે ઈરાન અને ઈઝરાયેલ બંને મહત્વપૂર્ણ છે. બંનેમાં ભારતનું ઘણું નાણું અને વ્યૂહાત્મક હિત દાવ પર છે. ભારત માટે આ બંનેમાંથી કોઈનો પક્ષ લેવો આસાન નહીં હોય. જો યુદ્ધ વધે તો ભારતે તેના નાગરિકો વિશે પણ વિચારવું પડશે. ઈઝરાયલમાં ૧૮ હજાર ભારતીયો અને ઈરાનમાં ૧૦ હજાર ભારતીયો રહે છે. વિશાળ ગલ્ફ ક્ષેત્રમાં ૯૦ લાખ ભારતીયો છે. ભારતનું લગભગ ૪૦% તેલ અને ૭૦% ગેસ પશ્ચિમ એશિયામાંથી આવે છે. તેથી, જો યુદ્ધ થાય તો તે ભારત માટે રાજકીય અને આર્થિક દુઃસ્વપ્ન હશે. આ બંને દેશો વચ્ચે યુદ્ધ થાય તો તેમાં સૌથી વધુ નુકસાન ભારતને અને ખાડી દેશમાં વસતા ભારતીયોને થશે આ નુકસાન જેવું તેવું નહીં હોય આના કારણે ભારતની આર્થિક સ્થિતિ પર ગંભીર અસર પહોંચી શકે તેમ છે.

**ઈરાન અને ઇઝરાઇલ વચ્ચે મોટા સંઘર્ષનો પ્રારંભ થઈ શકે છે. બંને દેશો વચ્ચે ભયાનક યુદ્ધના અણસાર ભારત માટે આર્થિક સંકટ લઈને આવે તેવી શક્યતા છે**

## શબ્દ સંજોગ-૧૭૮૬



**આડી ચાવી :**
(૧) સરદાર વલ્લભભાઈ પટેલનું ગામ (૫)
(૪)ભાર, બોજ (૩)
(૬) ........ કરો (૩)
(૭) પાસાં ફેંકી ભવિષ્ય જોવાની વિદ્યા (૩)
(૯) દૃષ્ટિ (૩)
(૧૧) શું (૧)
(૧૨)નામની આગળ માનાર્થે લખાતો શબ્દ (૧)
(૧૩)વન, જંગલ (૩)
(૧૫) અથવા (૧)
(૧૬) પાણીના અધિષ્ઠાતા દેવ (૩)
(૧૭) માછલું (૨)
(૧૮) આનંદ, હર્ષ (૩)
(૧૯) કચરો, રજ (૩)
(૨૧) કામધેનુ (૩)
(૨૩) ફિલ્મ કલાકાર ઈમરાન.... (૩)
(૨૪)જવાહરલાલ ..... (૩)
(૨૬) હકારવાચક શબ્દ (૧)
(૨૭) પક્ષીઓનો અવાજ (૪)

**ઉભી ચાવી :**
(૧)ઘટ,ખોટ(૩)
(૨) એક દિવસની મુસાફરી જેટલું અંતર (૩)
(૩) દમવું, પીડવું તે (૩)
(૪)મોં, ચહેરો (૩)
(૫) દૃષ્ટિ (૩)
(૮) કામદેવ (૩)
(૧૦) એક ફળ (૪)
(૧૩) એક ગુજરાતી માસ (૩)
(૧૪)જોજો..ન લાગી જાય (૩)
(૧૬) દેવી-દેવતા પ્રસન્ન થઈ આપે તે (૪)
(૧૮) એક હિંદી ફિલ્મ (૨)
(૨૦) પડ, થર (૨)
(૨૧) ભારતનું એક જોવાલાયક સ્થળ (૩)
(૨૨)એક પ્રાણી (૨)
(૨૩) દશા, હાલત (૨)
(૨૫) સોનું (૨)

## શબ્દ સંજોગ-૧૭૮૫ જવાબ

**આડી ચાવી :** (૧) ભોપાલ (૩) પાલવડી (૬) ગાત્ર (૭) લોલક (૮) બોત (૧૦) ઝાલર (૧૨) ફૂલ (૧૩) અનુભવી (૧૫) લાજ (૧૬) નફસ (૧૭) વડોદરા (૧૯) તરતમ (૨૨) વધ (૨૪) મહેનતાણું (૨૭) શાલીન (૨૮) તસર (૨૯) બી. **ઉભી ચાવી :** (૧) ભોગાવો (૨) પાત્ર (૩) પાલર (૪) લક (૫) ડીબો (૭) લોલ (૯) તકાવી (૧૦) ઝાલ (૧૧) સાનુ (૧૨) ફૂજડો (૧૩) અસત (૧૪) ભરત (૧૫) લાવણી (૧૬) નરાધમ (૧૮) દવ (૨૦) રફતાર (૨૧) મખ (૨૩) તલી (૨૫) હેત (૨૬) નસ.

# દેશનો બેરોજગારી દર વર્ષ ૨૦૨૮ સુધીમાં ઘટશે

નવી દિલ્હી, તા.૧૭



ભારત વર્ષ ૨૦૨૮ સુધીમાં $૫ ટ્રિલિયનના અર્થતંત્રનો સિમાચિહ્ન હાંસલ કરશે ત્યારે દેશનો બેરોજગારી દર ૯૭ બેસિસ પોઈન્ટ ઘટશે. વર્ષ ૨૦૨૮ સુધીમાં દેશના અર્થતંત્રનું કદ વધવાની સાથે જ રોજગારીમાં પણ વધારો થશે. થિન્ક ટેન્ક ઓબ્ઝર્વર રિસર્ચ ફાઉન્ડેશનના રિપોર્ટ ઈન્ડિયા એમ્પ્લોયમેન્ટ આઉટલુક ૨૦૩૦ અનુસાર દેશનો બેરોજગારી દર વર્ષ ૨૦૨૪ના ૪.૪૭%થી ઘટીને વર્ષ ૨૦૨૮ સુધીમાં ૩.૬૮% થવાની સંભાવના છે. કોવિડ-૧૯ મહામારી બાદ વિશ્વનું સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર બનવાની સાથે જ દેશના જોબ માર્કેટમાં પણ ક્રાંતિ જોવા મળી રહી છે.

દેશના અર્થતંત્રની વૃદ્ધિમાં મુખ્યત્વે યુવાવર્ગનું વિશેષ યોગદાન રહેલું છે. ૭.૮%ના આર્થિક વૃદ્ધિદર સાથે ભારત વર્ષ ૨૦૨૬-૨૭ સુધીમાં $૫ ટ્રિલિયનના અર્થતંત્રનું લક્ષ્ય હાંસલ કરી શકે છે. જેમાં મજબૂત ખાનગી વપરાશ અને જાહેર રોકાણનો પણ ફાળો રહેશે. દેશની જીડીપીનું કદ વર્ષ ૨૦૨૪માં $૪ ટ્રિલિયનથી નીચેના સ્તરે રહેવાનો અંદાજ છે.

ભારત વર્ષ ૨૦૨૮ સુધીમાં $૫ ટ્રિલિયનના લક્ષ્યની નજીક જઈ રહ્યું છે ત્યારે એકંદરે રોજગારી દર પણ વધીને ૨૨%એ પહોંચી શકે છે જ્યારે બેરોજગારી દરમાં ૨૦૨૮ સુધીમાં ૯૭ બેસિસ પોઈન્ટનો ઘટાડો થશે. સર્વિસ સેક્ટરમાં નોંધપાત્ર રીતે રોજગારી સર્જન જોવા મળશે. કુલ રોજગારીમાં સર્વિસ સેક્ટરનું યોગદાન ૦.૧૨%ની આસપાસ રહી શકે છે. રિપોર્ટમાં સર્વિસ સેક્ટરની હેઠળના ૧૦ સેગમેન્ટનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેમાં સર્વિસ, ફાઈનાન્સિયલ સર્વિસ, હોસ્પિટાલિટી, કન્ઝ્યુમર રિટેલ, ઈ-કોમર્સ અને રિન્યુએબલ એનર્જી સામેલ છે.

## સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| અમરેલી(શાકભાજી) | | | | | |
|---|---|---|---|---|---|
| બટેટા | ૪૪૦ | ૫૦૦ | આદુ | ૨૦૩૦ | ૨૪૩૦ |
| રીંગણા | ૨૫૦ | ૩૫૦ | કોથમીર | ૨૬૦ | ૩૬૦ |
| ફ્લાવર | ૧૪૦ | ૨૦૦ | મેથીભાજી | ૪૦૦ | ૫૦૦ |
| કોબીજ | ૧૨૦ | ૧૮૦ | ફોદીનો | ૫૧૦ | ૬૧૦ |
| શક્કરીયા | ૩૧૦ | ૩૭૦ | ટીંડોરા | ૫૦૦ | ૬૦૦ |
| ટમેટા | ૨૧૦ | ૨૯૦ | બીટ | ૨૦૦ | ૩૦૦ |
| સુરણ | ૧૫૦૦ | ૧૬૦૦ | સરગવો | ૩૦૦ | ૪૦૦ |
| ગાજર | ૧૬૦ | ૨૪૦ | લીમડો મીઠો | ૧૫૦ | ૨૦૦ |
| દુધી | ૩૦૦ | ૪૦૦ | મરચાં લીલા | ૪૦૦ | ૫૦૦ |
| કારેલા | ૪૦૦ | ૫૦૦ | ગુંદા | ૨૦૦ | ૩૦૦ |
| ગલકા | ૪૧૦ | ૫૧૦ | ડુંગળી લીલી | ૨૧૦ | ૩૦૦ |
| કાકડી | ૩૦૦ | ૪૦૦ | ડુંગળી સુકી | ૬૦ | ૩૦૦ |
| ગુવાર | ૫૦૦ | ૮૦૦ | લસણ લીલું | ૧૮૦૦ | ૨૦૦૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૨૦૦ | લસણ સુકુ | ૨૬૦૦ | ૩૦૦૦ |
| ચોળા લીલા | ૮૦૦ | ૯૦૦ | મકાઈ | ૩૨૦ | ૩૮૦ |
| તુરીયા | ૮૦૦ | ૯૦૦ | લીંબુ | ૧૬૨૦ | ૨૦૨૦ |
| ભીંડો | ૪૧૦ | ૫૧૦ | પાલક | ૪૦૦ | ૫૦૦ |

# છેલ્લા ક્વાર્ટરમાં ચીન કરતાં ભારતીય બજારમાં રોકાણકારોએ વધું નાણાં ઠાલવ્યા

નવી દીલ્હી, તા.૧૭



વૈશ્વિક સ્તરે સતત વધી રહેલા જિયો પોલિટીકલ ઈશ્યુ છતાં ઈક્વિટી માર્કેટમાં વિદેશી રોકાણકારોને ભારતીય શેરમાર્કેટ પર વધુ ભરોસો છે. આર્થિક વિસ્તરણને કોર્પોરેટ નફામાં રૂપાંતરિત કરવાની ભારતની ક્ષમતા તેને જાપાન અથવા ચીન કરતાં રોકાણકારો માટે વધુ સારું રોકાણ સ્થળ બનાવી રહી છે. બ્લૂમબર્ગના તાજેતરના માર્કેટ લાઈવ પલ્સ સર્વેમાં સમાવિષ્ટ સરેરાશ ૪૮ ટકા અથવા લગભગ અડધા રોકાણકારોએ રોકાણના પસંદગીના સ્થળ તરીકે જાપાન અને ચીન કરતાં ભારતને પસંદ કર્યું છે. ભારતીય બજારોમાં ઊંચા મૂલ્યાંકન, ચીનના બજારોમાં ઘટાડા પછી આકર્ષક મૂલ્યાંકન અને કોર્પોરેટ સુધારામાં જાપાનની પ્રગતિ છતાં રોકાણકારો ભારત તરફ ડાયવર્ટ થઈ રહ્યાં છે. મહત્વની વાત એ છે કે રોકાણકારો લોકસભાની ચૂંટણીને લઈને ખાસ ચિંતિત નથી. આ વર્ષે જાન્યુઆરી-માર્ચની વચ્ચે ભારતીય ઈક્વિટીમાં $૨૫ બિલિયન એટલે કે (રૂ. ૨ લાખ કરોડથી વધુ)નું ચોખ્ખું વિદેશી રોકાણ નોંધાયું છે. જ્યારે ચીનમાં માત્ર ૫.૩ અબજ ડોલર (સરેરાશ ૪૪ હજાર કરોડ રૂપિયા)નું રોકાણ કરવામાં આવ્યું હતું. MSCI ઈમર્જિંગ માર્કેટ ઈન્ડેક્સમાં ભારતીય શેરોનું હવે ૧૮% વેઈટેજ છે. ચીનનું વેઈટેજ ૨૫% છે, જે અગાઉના ૪૦%ના ઉચ્ચ સ્તર કરતાં ઘણું ઓછું છે.

# Vodafone-Ideaનો FPO આજે ખુલશે: ૨૨ એપ્રિલ સુધી રોકાણ કરવાની તક

નવી દિલ્હી, તા.૧૭

નાણાકીય કટોકટીનો સામનો કરી રહેલી ટેલિકોમ કંપની Vodafone Idea (VI)નો FPO આવતીકાલે એટલે કે ગુરુવાર (૧૮ એપ્રિલ) થી ખુલી રહ્યો છે. કંપની આ દ્વારા ૧૮,૦૦૦ કરોડ રૂપિયા એકત્ર કરવા માગે છે. રોકાણકારો તેમાં ૨૨ એપ્રિલ સુધી રોકાણ કરી શકશે. અમેરિકન ઈન્વેસ્ટમેન્ટ ફર્મ GQG પાર્ટનર્સ અને SBI મ્યુચ્યુઅલ ફંડ આ FPOમાં સામૂહિક રીતે $૮૦૦ મિલિયન (આશરે રૂ. ૬,૫૦૦ કરોડ) સુધીનું રોકાણ કરી શકે છે. FPO ખુલતા પહેલા, VI એ ૭૪ એન્કર રોકાણકારો પાસેથી રૂ. ૫,૪૦૦ કરોડ એકત્ર કર્યા છે. કંપનીએ BSE ફાઈલિંગમાં આ માહિતી આપી છે. VI એ આ માટે ૧૧ રૂપિયા પ્રતિ શેરના ભાવે ૪૯૧ કરોડ શેર ફાળવ્યા. GQG પાર્ટનર્સને રોકાણકારોમાં સૌથી વધુ ૨૬% શેર મળ્યા છે, GQG એ આ માટે રૂ. ૧,૩૪૫ કરોડનું રોકાણ કર્યું છે.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ભરતભાઈ સુતરીયાના સમર્થનમાં બાબરા ખાતે મોદી પરિવાર સભા યોજાઈ





અમરેલી,તા.૧૭

બાબરા તાલુકામાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયાની આગેવાનીમાં મોદી પરિવાર સભા યોજવામાં આવી હતી. બાબરા શહેરના સરદાર પટેલ સર્કલ ખાતે શહેરી વિસ્તાર માટે યોજાયેલ આ મોદી પરિવાર સભામાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, અમરેલી લોકસભા ભાજપના ઉમેદવાર ભરતભાઈ સુતરીયા તેમજ અન્ય મહાનુભાવો દ્વારા સભાને સંબોધન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો, જિલ્લા પંચાયતના સદસ્યો, સહકારી અગ્રણીઓ, તાલુકા પંચાયતના હોદ્દેદારો, શક્તિ કેન્દ્રના હોદ્દેદારો, મહિલા અગ્રણીઓ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પૂર્વે બાબરા તાલુકાના અલગ અલગ વિસ્તારના શક્તિ કેન્દ્રમાં પણ આ મોદી પરિવાર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, અમરેલી લોકસભાના ઉમેદવાર ભરતભાઈ સુતરીયા, વિધાનસભાના સંયોજક જીતુભાઈ ડેર, વિધાનસભાના વિસ્તારક વૈભવભાઈ નાયક, જીલ્લા ભાજપ મહામંત્રી ભૂપેન્દ્રભાઈ બસિયા, ભાજપ અગ્રણી બિપીનભાઈ રાદડીયા, જિલ્લા પંચાયતના સદસ્ય હિંમતભાઈ દેત્રોજા, નીતિનભાઈ રાઠોડ, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા, ઉપપ્રમુખ, મહામંત્રી સહિત શહેર ભાજપ સંગઠનના હોદ્દેદારો, તાલુકા ભાજપ પ્રમુખ અશોકભાઈ રાખોલીયા, મહામંત્રી, ઉપ્રમુખ સહિત તાલુકા ભાજપ સંગઠનના હોદ્દેદારો, નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર, ઉપપ્રમુખ, તમામ ચેરમેન સહિતના તમામ હોદ્દેદારો, વેપારીઓ, ઉદ્યોગપતિઓ, મહિલા મોરચાના હોદ્દેદારો, તમામ મોરચા સેલના હોદ્દેદારો, ગ્રામ પંચાયતના સરપંચો, સદસ્યો તેમજ બહોળી સંખ્યામાં નગરજનો અને કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

# અમરેલી ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના તબીબો સાથે ચુનાવ પાઠશાળા કાર્યક્રમ યોજાયો



અમરેલી તા.૧૭

અમરેલીમાં ખર્ચ અને ટર્નઆઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન નોડલ અધિકારી અને અમરેલી જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યાના અધ્યક્ષસ્થાને અમરેલી જિલ્લા પંચાયત આરોગ્ય શાખા ખાતે 'ચુનાવ પાઠશાલા' કાર્યક્રમ યોજાયો હતો. અમરેલી ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (આઈએમએ) તબીબો સાથે યોજાયેલા કાર્યક્રમમાં આગામી લોકસભાની ચૂંટણીમાં વધુમાં વધુ મતદાન થાય તે માટે તબીબોને સહયોગ આપવા અનુરોધ કરવામાં આવ્યો હતો. આ બેઠકમાં આઈએમએ અમરેલીનાં તબીબો દ્વારા સ્વૈચ્છિક રીતે વધુમાં વધુ મતદાન થાય તેની જનજાગૃતિમાં સહયોગ આપવા સહમતી આપવામાં આવી હતી. આ બેઠકમાં આઈએમએ અમરેલીના ડો.જી.જે. ગજેરા પ્રમુખ-આઈએમએ, જનરલ સર્જનો, રેડિયોલોજીસ્ટ, ગાયનેક, બાળરોગ તજજ્ઞો સહિતનાં તબીબો તેમજ જિલ્લા આરોગ્ય તંત્રના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**વડીલો તેમજ કોમામાં રહેલા કોઈ પણ ઉંમરનાં વ્યક્તિઓને પ્રવેશ અપાશે**

# સદભાવના વૃદ્ધાશ્રમને નિ:સંતાન, નિરાધાર માવતર જોઈએ છે, નિ:શુલ્ક પ્રવેશ અપાશે




અમરેલી,તા.૧૭

માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા આઠ વર્ષથી સદભાવના વૃધ્ધાશ્રમ ચલાવવામાં આવે છે. આ વૃધ્ધાશ્રમમાં જરૂરીયાતવાળા વૃધ્ધોને આદર સાથે દાખલ કરી તમામ સુવિધાઓ વિનામૂલ્યે આપવામાં આવે છે. ગુજરાતનાં સૌથી મોટા આ વૃધ્ધાશ્રમમાં હાલ ૫૫૦ જેટલા માવતરો પોતાની પાછલી જીંદગીની ટાઢક લઈ રહ્યાં છે. નિ:સંતાન, પથારીવશ વ્યક્તિઓને પણ સદભાવના વૃધ્ધાશ્રમમાં પોતાની ફરજનાં ભાગરૂપે નિ:શુલ્ક આશ્રય અપાઈ રહયો છે. પોતાની આસપાસમાં કોઈ નિરાધાર કે નિ:સહાય, પથારીવશ, કેન્સરગ્રસ્ત હોય એવા વડીલો તેમજ કોમામાં રહેલા કોઈ પણ ઉંમરનાં વ્યક્તિઓ જોવા મળે તો તેમને સદભાવના વૃધ્ધાશ્રમ, રાજકોટ સુધી પહોંચાડવા જાહેર વિનંતી કરાઈ છે. આ અંગે વધુ માહિતી માટે સદભાવના વૃદ્ધાશ્રમ (મો. ૮૦૦૦૨ ૮૮૮૮૮) નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# કોડીનારમાં આઈપીએલ ક્રિકેટ મેચ પર સટ્ટો રમતો એક શખ્સ ઝડપાયો

કોડીનાર, તા.૧૭

આઈપીએલની સિઝન ચાલી રહી છે ત્યારે ક્રિકેટ સટોડીયાઓ ફરી મેદાને ઉતર્યા છે. કોડીનારમાં એકતા ચોક નજીક સરાજાહેર આઈપીએલ મેચ પર સટ્ટો રમાડતાં એક શખ્સની પોલીસે ધરપકડ કરી ૨૦,૫૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ અંગેની જાણવા મળતી વિગત મુજબ આઈપીએલની રમાઈ રહેલ ક્રિકેટ મેચ પર સરાજાહેર સટ્ટો રમાડતાં હોવાની ચોક્કસ બાતમીના આધારે પોલીસે એકતા ચોક નજીક છાપો મારી ટીવીમાં લાઈવ સ્કોર પર હાર-જીતનો જુગાર રમાડતા ઉતમભાઈ અશોકભાઈ સોલંકીને પકડી પાડી ધરપકડ કરી હતી અને બીજો એક આરોપી હાર્દિકભાઈ અપારનાથી ફરાર થઈ ગયો હતો. ૨૦૫૦૦ની રોકડ અને બે મોબાઈલ ફોન મળી રૂ. ૩૦,૫૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. એલસીબીનાં ઈન્ચાર્જ પીઆઈ એ.બી. જાડેજાનાં માર્ગદર્શન મુજબ પીએસઆઈ એ.બી. વોરા તથા તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી દરમિયાન એએસઆઈ શૈલેશભાઈ ડોડીયા તથા હેડ કોન્સ્ટેબલ લલીતભાઈ ચુડાસમાને મળેલી બાતમી આધારે આઈપીએલનો સટ્ટો રમતાં શખ્સને ઝડપી પાડવામાં આવ્યો હતો.

# કોટડાપીઠા ગામે રામ જન્મોત્સવની આસ્થા અને ઉત્સાહભેર ઉજવણી



બાબરા, તા.૧૭

બાબરા તાલુકાનાં કોટડાપીઠા ગામે ભગવાન શ્રી રામના જન્મોત્સવની આસ્થાભેર ઉજવણી કરવામાં આવી હતી. મુખ્ય રામજી મંદિર ખાતે આરતી તેમજ પ્રસાદી આપવામાં આવી હતી. સાથે જ રામજી મંદિરને ધ્વજાપતાકા, લાઈટીંગથી શણગારવામાં આવ્યું હતું. તેમજ અન્ય રામજી મંદિરોમાં પણ સુંદરકાંડ પાઠ, તેમજ સાંજની આરતી, ધૂનનું આયોજન કરી સમગ્ર કોટડાપીઠામાં આ અવસરની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.

# રાજકોટ લોકસભાના કોંગ્રેસી ઉમેદવાર પરેશ ધાનાણીનું વાકાનેરમાં ભવ્ય સ્વાગત

## કાર્યકરોએ પરેશ ધાનાણીની જીત માટે નારા લગાવ્યા



અમરેલી,તા.૧૭

કોંગ્રેસ પક્ષ દ્વારા રાજકોટ લોકસભાના ઉમેદવાર તરીકે પૂર્વ વિપક્ષ નેતા અને દિગ્ગજ આગેવાન પરેશભાઈ ધાનાણીને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. જેમનું વાકાનેર ખાતે કાર્યકરો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતું. ત્યારબાદ પરેશભાઈ ધાનાણીએ ટંકારા ખાતે આવેલ લક્ષ્મીનારાયણ મંદિરે દર્શન કર્યા હતા. સભાને સંબોધી હતી. કાર્યકરોએ ધાનાણીની જીત માટે નારા લગાવ્યા હતા.

# ડોળાસા ગામે રામનવમી નિમિત્તે વિશાળ શોભાયાત્રા યોજાઈ


તસવીર : અનીલ કાનાબાર

ડોળાસા, તા.૧૭

કોડીનાર તાલુકાના ડોળાસા ગામે રામનવમી નિમિત્તે રામજીની વિશાળ શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આ શોભાયાત્રા ગામના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ હતી. જેમાં રામભક્તો મન મૂકીને ઝુમ્યા હતા અને ભક્તિમય વાતાવરણ બન્યું હતુ. આ ઉપરાંત ચામુંડા માતાજીનો પાટોત્સવ પણ હોય સાથે ચામુંડા માતાજીની પણ શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં વિશાળ સંખ્યામાં લોકો ખાસ કરીને બહેનો મોટી સંખ્યામાં જોડાયા હતા અને રાસ ગરબાની રમઝટ બોલાવી હતી. જયશ્રી રામના નારાઓથી વાતાવરણ રામમય બન્યું હતું.

# બાબરાના ખાખરીયા ગામે રામનવમી નિમિત્તે રક્તદાન કેમ્પનું આયોજન કરાયું

## બ્લડ બેન્કના કર્મચારીઓએ જહેમત ઉઠાવી કેમ્પને સફળ બનાવ્યો


તસવીર : દીપક કનૈયા

બાબરા, તા.૧૭

બાબરા તાલુકાનાં ખાખરીયા ગામે ભગવાન શ્રી રામનાં જન્મોત્સવ નિમિત્તે ગ્રામજનો દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન કરી જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ગ્રામજનો દ્વારા ૨૧ બોટલ રક્તદાન કરવામાં આવ્યું હતું. ખાખરીયા ગ્રામ પંચાયત સરપંચ વિપુલભાઈ કાચેલા, રમેશભાઈ કાકડીયા, હરકિશનભાઈ જોશી, રમેશભાઈ બફલીપરા, નિલેશભાઈ બફલીપરા, જલ્પેશભાઈ બફલીપરા, ભાવેશ વિરમગામા, યોગેશબાપુ વસંતસ્વામી, ઉપસરપંચ સુનીતાબેન કાકડીયા, દક્ષાબેન જોશી, કંચનબેન નાગલા તેમજ ગ્રામજનો અને ખાખરીયા હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરનાં Cho આશિષભાઈ હરિયાણી તેમજ શાંતાબા મેડિકલ કોલેજ એન્ડ જનરલ હોસ્પિટલ અમરેલી બ્લડ બેન્કનાં કર્મચારીઓએ આ કાર્યક્રમને સફળ બનાવવા મહેનત કરી હતી.

# ધોરાજીમાં લાલશાહ વલીનો ચાર દિવસીય ઉર્ષ યોજાશે



ધોરાજી, તા.૧૭

આગામી તા.૨૩ મે થી ધોરાજીમાં આવેલ સૈયદના લાલશાહ વલીના ઉર્ષની ઉજવણી કરવામાં આવશે. જેમાં પ્રથમ દિવસે બપોરે ૩ વાગે દરગાહ શરીફ ખાતે દરગાહના ખાદીમનું ફૂલહાર કરી સમ્માન કરવામાં આવશે અને બાદમાં સંદલ શરીફ નીકળશે. જે શહેરના મુખ્ય માર્ગો પર ફરશે અને દરગાહ શરીફ ખાતે પૂર્ણ થશે. આ તકે દરગાહ શરીફના પટાંગણમાં ફકીર લંગર નિયાઝ કમિટી દ્વારા મહેમાનો અને દર્શનાર્થીઓ માટે શાકાહારી પ્રસાદીની નિ:શુલ્ક વ્યવસ્થા લાલુભાઈ સિંધી અને હનિફભાઈ મજોઠી દ્વારા કરવામાં આવી છે. ઉર્ષ નિમિત્તે સર્વેને પધારવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

# બાબરામાં રામ જન્મોત્સવની ભવ્ય ઉજવણી, વિશાળ શોભાયાત્રા નીકળી

## વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા આયોજિત શોભાયાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા



બાબરા, તા.૧૭

બાબરામાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ભગવાન શ્રી રામનાં જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. અહીં બપોરે ૪ કલાકે મોટા રામજી મંદિરથી ભગવાન શ્રી રામની ભવ્ય શોભાયાત્રા નીકળી હતી જેમાં મંદિરના મહંત દેવકીનંદન બાપુ સહિત હિંદુ સમાજનાં લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા. આ શોભાયાત્રા શહેરનાં રાજમાર્ગો પર ફરી તાપડીયા આશ્રમ ખાતે સમાપન કરવામાં આવી હતી. અહીં મહાઆરતી સહિતનાં કાર્યક્રમો યોજાયા હતા. ભગવાન શ્રી રામની શોભાયાત્રા દરમિયાન બાબરા પોલીસનાં પીઆઈ, પીએસઆઈ સહિત પોલીસ સ્ટાફનો મોટો કાફલો બંદોબસ્તમાં ગોઠવવામાં આવ્યો હતો.

# ધોરાજી સમસ્ત હિંદુ ઉત્સવ સમિતિ દ્વારા રામનવમી નિમિત્તે શોભાયાત્રા નીકળી


તસવીર : નયન ફુહાડીયા

ધોરાજી, તા.૧૭

ધોરાજીના રાખોલીયા ચોક રામ મંદિર ખાતે મંદિરના પૂજારી દ્વારા ભગવાન શ્રી રામની મહા આરતી દ્વારા શ્રી રામના પ્રાગટ્ય ઉત્સવનો પ્રારંભ કરી ભવ્ય શોભાયાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. શોભાયાત્રા ધોરાજીના રામ મંદિર ચોકથી પ્રારંભ થઈ અને રામ મંદિર ખાતે પૂર્ણ થઈ હતી. શોભાયાત્રામાં વિવિધ અલગ અલગ શણગારેલા ફ્લોટ, ભગવાન શ્રીરામની કલાકૃતિ સાથેના અભિનય સાથેના ફ્લોટ તેમજ ભક્તશ્રી તેજાબાપા અને શિવ શક્તિ ગ્રુપના દાંડિયારાસે આકર્ષણ જમાવ્યુ હતું. પોરબંદર લોકસભાના કોંગ્રેસના ઉમેદવાર લલિતભાઈ વસોયા, વિશ્વ હિન્દુ પરિષદના જિલ્લાના મંત્રી પ્રફુલભાઈ જાની, ધોરાજી માર્કેટિંગ યાર્ડના ચેરમેન હરકિશનભાઈ માવાણી, ધોરાજી ખોડલધામ સમિતિના પ્રમુખ અરવિંદભાઈ વોરા, ધોરાજી શહેર ભાજપના પ્રમુખ રાજુભાઈ બાલધા, ભક્તશ્રી તેજાબાપા ટ્રસ્ટના પ્રમુખ આર.કે. કોયાણી તેમજ સુરેશભાઈ વઘાસિયા સહિત અગ્રણીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

## અમદાવાદ - વડોદરા એક્સપ્રેસ વે રક્તરંજીત

# ટેન્કર પાછળ કાર ઘૂસી જતા ૧૦ના મોત

ખેડા,તા.૧૭

રાજ્યમાં અકસ્માતોની સંખ્યા દિનપ્રતિદિન વધી રહી છે. ત્યારે સૌથી વધુ રક્તરંજીત બનેલા અમદાવાદ વડોદરા એક્સપ્રેસ વે પર એક મોટી ઘટનાના સમાચાર મળી રહ્યા છે. અમદાવાદ વડોદરા એક્સપ્રેસ વે પર નડિયાદ પાસે ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. જેમાં ૧૦ લોકોના ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યા છે. ટેન્કરની પાછળ કાર ઘૂસી જતા ગમખ્વાર અકસ્માત સર્જાયો છે.

આ ઘટનાની મળતી માહિતી પ્રમાણે, અમદાવાદ વડોદરા એક્સપ્રેસ વે પર નડિયાદ પાસે ગમખ્વાર અકસ્માત સર્જાયો છે.

આ ભયાનક અકસ્માતમાં ૧૦ લોકોના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા છે. જાણવા મળી રહ્યું છે કે ટેન્કરની પાછળ કાર ઘૂસી જતા આ ગોઝારી ઘટના બની છે. વડોદરાથી અમદાવાદ તરફ કાર જઈ હતી જ્યાં આ અકસ્માત નડ્યો છે.

આ અકસ્માત થતાં જ ૧૦૮ની બે એમ્બ્યુલન્સ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી, સાથે જ એક્સપ્રેસ હાઈ-વેની પેટ્રોલિંગની ટીમે પણ ઘટના સ્થળે પહોંચીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ વે પર એક કાર વડોદરાથી અમદાવાદ તરફ જઈ રહી હતી, ત્યારે નડિયાદ નજીક ટેન્કર પાછળ ધડાકાભેર ઘૂસી જતાં હાઈવે પર મરણચીસો ગુંજી ઊઠી હતી. અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ વે પર ગમખ્વાર અકસ્માત સર્જાતાં ખેડા જિલ્લા પોલીસવડા અને કલેકટર સહિતના અધિકારીઓ ઘટનાસ્થળ પર પહોંચ્યા હતા. જિલ્લા પોલીસવડા રાજેશ ગઢિયાએ કહ્યું હતું કે ટેન્કરમાં ખામી સર્જાઈ હોવાના કારણે રસ્તાની સાઈડમાં ઊભું હતું. ત્યારે વડોદરાથી અમદાવાદ તરફ જઈ રહેલી અર્ટિગા કાર લેફ્ટ સાઈડમાંથી ઓવરટેક કરવા જતા પાછળથી ટેન્કરમાં અથડાઈ હતી.





### ૯ મૃતકની ઓળખ થઈ

યોગેશભાઈ નરેન્દ્રભાઈ પંચાલ, અમદાવાદ, સુરેન્દ્રસિંહ રાવત, રાજસ્થાન (ડ્રાઈવર), નીલકુમાર મુકેશકુમાર ભોજાણી, વડોદરા, જયશ્રીબેન મનોજભાઈ મિસ્ત્રી, વડોદરા, સોલંકી અમિત મનોજ, વાપી, શાહબુદ્દીન અબ્દૂલશકર અંસારી, મુંબઈ, હૈતિક સોની, ડીસા, દક્ષ અમિતભાઇ સોલંકી, વાપી, ઉષાબેન અમિતભાઈ સોલંકી, વાપી.

# રામનવમી નિમિત્તે નીતિન પટેલે જગન્નાથ મંદિરમાં દર્શન કર્યા

(એ.આર.એલ),અમદાવાદ,તા.૧૭



કેન્દ્રીય મંત્રી અને રાજકોટથી ભાજપના લોકસભાના ઉમેદવાર પરશોત્તમ રૂપાલા હાલ સૌથી વધુ ચર્ચામાં છે. એ ચર્ચાનું કારણ તેમણે ક્ષત્રિય સમાજ અંગે કરેલી ટિપ્પણી છે. હાલમાં જ એક જાહેરસભામાં તેમણે ક્ષત્રિય સમાજ અંગે વિવાદિત ટિપ્પણી કરી અને ત્યારબાદ લોકસભાની ચૂંટણી પહેલાં જ ગુજરાતમાં રીતસર ભડકો થયો. પોતાના વિવાદિત નિવેદનના પગલે રૂપાલાએ ત્રણ-ત્રણ વાર બે હાથ જોડીને ક્ષત્રિયોની માફી માંગી. સરકારના તમામ મંત્રીઓ, ગુજરાત ભાજપનું આખું પ્રદેશ સંગઠન પણ આ મુદ્દે ક્ષત્રિયોને મનાવવાનો પ્રયાસ કરી રહ્યું છે એટલું જ નહીં ત્યાં સુધી કે ખુદ ગુજરાત પ્રદેશ ભાજપના પ્રમુખ સી.આર.પાટીલે પણ આ આંદોલન સમેટી લેવા મુદ્દે ક્ષત્રિયોને ઘણી વિનંતીઓ કરી. જોકે, ક્ષત્રિયો ટસના મસ ના થયા. ત્યારે હવે આ મુદ્દે પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ ચર્ચામાં આવ્યા છે.

ગુજરાતના પૂર્વ નાયબ મુખ્ય મંત્રી નીતિન પટેલે રૂપાલા અને ક્ષત્રિય આંદોલન અંગે પોતાની પ્રતિક્રિયા આપી. ક્ષત્રિયોના વિવાદ પર પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું કે, હિંદુઓના પૂજનીય ભગવાન શ્રીરામ ક્ષત્રિય જ છે. તમામ પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ આવે તેવી અભિલાષા છે. દરેક પ્રશ્નોનું સુખદ નિરાકરણ આવે એ જરૂરી છે. રામના નામે રાજનીતિ ના થવી જોઈએ. મહત્વનું છે કે, આજે રામનવમીના અવસર પર નીતિન પટેલે જગન્નાથ મંદિરમાં દર્શન કર્યા હતા. એ સમયે તેમણે ક્ષત્રિયોના વિવાદમાં સમાધાનની આશા વ્યક્ત કરી.

નીતિન પટેલે જણાવ્યું કે, ભગવાન રામ સમગ્ર હિંદુઓના પૂજનીય છે જે ક્ષત્રિય છે. ભગવાન રામને હું પ્રાર્થના કરું છું કે જે પણ પ્રશ્નો હોય તેનું સુખદ નિરાકરણ થાય. રામ એટલે સત્ય, પવિત્રતા, ક્ષમા, ઉદારતા...તેમના આશીર્વાદથી સમગ્ર વિશ્વનું જીવન ચાલે છે. જ્યાં જ્યાં હિન્દુ વસે છે ત્યાં રામનવમી ઉજવાય છે. ૨૪ કલાકથી રામધૂન ચાલુ છે. વર્ષોના વર્ષ સુધી રામલલા માત્ર છાવણીમાં બિરાજમાન હતા. હવે આયોધ્યામાં મંદિરનું કામ પૂર્ણ થઇ ચૂક્યું છે.

## ૪૨ ડિગ્રી તાપમાન વચ્ચે રાજ્યમાં રામનવમીની ઉજવણી

# શાહપુરમાં શોભાયાત્રામાં મુસ્લિમ આગેવાનોએ ફૂલની પાંખડી વરસાવી

અમદાવાદ તા.૧૭

આજે ભગવાન રામના જન્મની ગુજરાતભરમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. વિવિધ મંદિરોમાં પૂજા, આરતી અને વિશિષ્ટ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાતભરનાં રામજી મંદિરો જયશ્રી રામના નાદ સાથે ગુંજી ઊઠ્યા હતા. ત્યારે રાજકોટમાં યોજાયેલી શોભાયાત્રાનું લોકસભાના ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમજ વાનરસેનાના ફ્લોટ્સે આકર્ષણ જમાવ્યું હતું. જ્યારે અમદાવાદમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા બપોરે ત્રણ વાગ્યે અખાડા, હાથી, ઊંટગાડી, ડીજે, ભજન મંડળી સાથે ૭ કિ.મી શોભાયાત્રા યોજાઈ હતી. જેમાં 'યે ભગવા રંગ...', 'રામ આયેંગે તો અંગના સજાયેંગે...'ના ગીતો પર ભાવિકો ઝૂમી ઉઠ્યા હતા. યુવાનોના કરતબોએ સૌના દિલ જીત્યા હતા. મોટી સંખ્યામાં લોકો ઊમટી પડતા મિનિ રથયાત્રા જેવો માહોલ જોવા મળી રહ્યો હતો. ભગવાન રામના સ્વાગત સાથે લોકો આતશબાજી પણ કરી રહ્યાં હતા, પહેલીવાર શોભાયાત્રામાં BSFનો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. શાહપુરમાં બિસ્મિલ્લા મસ્જિદ પાસે મુસ્લિમ આગેવાનોએ ફૂલની પાંખડી વરસાવી સ્વાગત કર્યું, વડોદરામાં પણ વાજતે ગાજતે શોભાયાત્રા નીકળી હતી.



# કાજલ હિન્દુસ્તાની સામે હાઈકોર્ટમાં પિટિશન દાખલ

(એ.આર.એલ), અમદાવાદ,તા.૧૭

કાજલ હિન્દુસ્તાનીને લઈ ફરી એકવાર મોટી અપડેટ સામે આવી છે. વાત જાણે એમ છે કે, પાટીદાર સમાજ કાજલ હિન્દુસ્તાની માફી માંગે તેવી માંગ છેલ્લા એક મહિનાથી કરી રહ્યો છે. નોંધનીય છે કે, કાજલ હિન્દુસ્તાનીએ સુરતમાં અગાઉ યોજાયેલ કાર્યક્રમમાં મોરબીની દીકરીઓ અને ઉદ્યોગકારો માટે અભદ્ર ભાષાનો ઉપયોગ કર્યો હતો. આ મામલે કાજલ હિન્દુસ્તાનીએ હજી સુધી માફી માંગી નથી. આ તરફ હવે આ કેસમાં મોરબીના મનોજ પનારાએ વકીલ મારફતે કાજલ હિન્દુસ્તાની સામે હાઈકોર્ટમાં પિટિશન કરી છે.

# રાજ્યમાં ગરમીનો પારો ૪૧ થી ૪૩ ડિગ્રી પાર

(એ.આર.એલ),અમદાવાદ,તા.૧૭

ગરમી વધતા અમદાવાદમાં ૨ દિવસ યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં આજે અને કાલે ૪૧થી ૪૩ ડિગ્રી ગરમીનો પારો રહેવાની શક્યતા છે. તેમજ અમદાવાદમાં ગરમીનો પારો ૪૧.૩ ડિગ્રીએ પહોંચ્યો હતો. શહેરમાં ૧૫ દિવસમાં ૩૨૩૦ લોકોને હિટસ્ટ્રોકની અસર થઈ છે. તેમજ ગઈકાલે સિઝનનું બીજું સૌથી ઊંચુ તાપમાન અમદાવાદમાં નોંધાયું છે. તથા રાજ્યમાં ગરમીનો પ્રકોપ યથાવત છે. અમદાવાદમાં ૪૧.૩ ડિગ્રી ગરમીનો પારો પહોંચ્યો છે. તેમજ ડીસામાં ૩૯.૮ ડિગ્રી તથા ગાંધીનગરમાં ૩૯.૮ જ્યારે વડોદરામાં ૪૨ ડિગ્રીએ ગરમીનો પારો પહોંચ્યો છે. સુરત ૪૦ અને વલસાડમાં ૪૧.૨ ડિગ્રી સાથે પોરબંદર ૪૧.૩ અને રાજકોટ ૪૧.૫ ડિગ્રી તથા કેશોદમાં ૪૧.૨ જ્યારે મહુવામાં ૪૩ ડિગ્રીએ ગરમીનો પારો પહોંચ્યો છે. અમદાવાદ સહિત રાજ્યભરમાં કાળઝાળ ગરમીનો રાઉન્ડ શરૂ થઈ ગયો છે.






# વઢવાણના ખેરાળી ગામ પાસે ટ્રેક્ટર કેનાલમાં ખાબકતા ખેડૂત દંપતી ડૂબ્યું

(એ.આર.એલ), સુરેન્દ્રનગર,તા.૧૭



સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણના ખેરાળી ગામ પાસે ટ્રેક્ટર નર્મદા કેનાલમાં ખાબકતા ખેડૂત દંપતી ડૂબી ગયું હતું. ફાયર બ્રિગેડ દ્વારા કેનાલમાં ડૂબેલા દંપતીની શોધ કરવામાં આવી હતી, પરંતુ તેનો કોઈ પતો લાગ્યો ન હતો. ટ્રેક્ટર ચાલકે સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવતા ટ્રેક્ટર નર્મદા કેનાલમાં ખાબક્યું હોવાનું કહેવાય છે.

સુરેન્દ્રનગરના ખેરાળી ગામે રહેતા ખેડૂત બાબુભાઈ કમેજળીયા અને તેમની પત્ની અનસૂયાબેન ખેતીકામ કરી પરત ફરી રહ્યા હતા તે સમયે ખેરાળી ગામ પાસેથી પસાર થતી નર્મદા કેનાલ પાસે ટ્રેક્ટર ચાલક ખેડૂતે સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવતા ટ્રેક્ટર કેનાલમાં ખાબક્યું હતું. આ મામલે સરપંચ સહિતના આગેવાનો તેમજ પાલિકાની ફાયર ફાઈટર ટીમ સહિતને જાણ કરતા ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને કેનાલમાં ડૂબેલા દંપતીની શોધખોળ હાથ ધરી હતી. આ ઘટનાની જાણ થતાં આસપાસથી પસાર થતાં વાહનચાલકો સહિત અનેક લોકો ઉમટી પડ્યા હતા. પાલિકાની ટીમ દ્વારા આખી રાત શોધખોળ કરવામાં આવી હતી, પરંતુ દંપતીનો કોઈ પત્તો લાગ્યો ન હતો. આના પગલે આખા ખેરાળી ગામમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.

# દુબઈમાં પૂર આવતાં ગુજરાતીઓ ફસાયા

અમદાવાદ તા.૧૭

દુબઈમાં વરસાદને કારણે છેલ્લા ૩ દિવસથી રણમાં પૂરની સ્થિતિ સર્જાતાં લોકોની મુશ્કેલી વધી છે. દુબઈ એરપોર્ટ ઉપર પણ પાણી ભરાઈ ગયાં છે. એવામાં ફ્લાઈટ ઓપરેશન ૧૨ કલાકથી વધુ સમય માટે બંધ રહેવાથી અનેક મુસાફરો એરપોર્ટ પર અટવાઈ ગયા છે. એમાં એક મીનલબેન પટેલ તેના પિતા બીમાર હોવાથી અમદાવાદ આવી રહ્યાં હતાં, પરંતુ છેલ્લા ૧૫ કલાકથી શારજાહ એરપોર્ટ પર અટવાઈ ગયાં છે. એવું પણ જણાવ્યું હતું કે મુસાફરો ૧૦થી ૧૫ કલાકથી ભૂખ્યા બેસીને પોતાની ફ્લાઈટની રાહ જોઈ રહ્યા છે. એરપોર્ટ ઓથોરિટીના સ્ટાફ દ્વારા સંતોષકારક જવાબ આપવામાં આવ્યા નથી. એરપોર્ટ પર હાલમાં ૨૦૦૦થી વધુ મુસાફરો પોતાના સ્થાન પર પહોંચવા માટે રાહ જોઈ રહ્યા છે. તો અન્ય એક ગુજરાતી પ્રવાસીએ જણાવ્યું હતું કે ટેક્સીની સુવિધા ન મળતાં સતત ૮ કલાક ઘૂંટણ સમા ભરાયેલાં પાણીમાં ચાલીને ઘર અથવા હોટલ પહોંચ્યા હોવાના પણ કિસ્સાઓ બનવા પામ્યા હતા.








